

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 17
Issue : 200
Dt.: 01-04-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### રશિયાએ યુક્રેનના ખાર્કિવ ખાતે મિલિટરી હોસ્પિટલ પર ડ્રોન હુમલો કર્યો હતો

# યુએસએ રશિયાનાં તમામ ઉત્પાદનો પર પ્રતિબંધની ચીમકી આપી

### યુદ્ધ વિરામનો અમલ કરવાના બદલે રશિયાએ યુક્રેન પર રાજકીય અને લશ્કરી હુમલાની શરૂઆત કરી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કિવ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થીમાં યુક્રેન અને રશિયાએ યુદ્ધ વિરામ માટે સંમતિ દર્શાવી હતી. યુદ્ધ વિરામનો અમલ કરવાના બદલે રશિયાએ યુક્રેન પર રાજકીય અને લશ્કરી હુમલાની શરૂઆત કરી દીધી છે. રશિયાના પ્રમુખ પુતિને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીની સરકારને ગેરકાયદેસર ગણાવી હતી.

ત્યારબાદ રશિયાએ યુક્રેનના ખાર્કિવ ખાતે મિલિટરી હોસ્પિટલ પર ડ્રોન હુમલો કર્યો હતો, જેમાં બે વ્યક્તિનાં મોત થયા હતા અને ડઝનથી વધુ ઘાયલ થયા હતા. રશિયાના આ પગલાથી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે ભરાયા છે અને રશિયાના તમામ પર ઉત્પાદન પર પ્રતિબંધની ચીમકી ઉચ્ચારી છે. રશિયાએ યુક્રેનના ખાર્કિવ ખાતે મિલિટરી હોસ્પિટલ પર ડ્રોન હુમલો કર્યો હતો. યુક્રેન એરફોર્સના જણાવ્યા મુજબ, રશિયાએ ૧૧૧ ડ્રોનથી રવિવારે રાત્રે હુમલા કર્યા હતા. તેમાંથી ૬૫ ડ્રોનને આંતરવામાં સફળતા મળી હતી અને ૩૫ છટકી ગયા હતા. આ હુમલામાં હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા ૬૫ વર્ષીય પુરુષ અને ૭૦ વર્ષીય મહિલાનું મોત થયુ હતું. યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, છેલ્લા એક સપ્તાહમાં યુક્રેનના મોટાભાગના વિસ્તારો પર રશિયાએ હુમલા કર્યા છે. ૧૩૧૦ ગાઈડેડ એરિયલ બોમ્બ અને હજારથી વધુ ડ્રોન્સ સાથે રશિયાએ હુમલા કર્યા હતા. રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને આક્ષેપ કર્યો હતો કે, યુક્રેનના બંધારણ મુજબ ઝેલેન્સ્કીની મુદત ગત વર્ષે પૂરી થઈ છે અને યુદ્ધ વિરામની સંધિ પર સહી કરવા તેઓ અધિકૃત નથી.રશિયાએ યુક્રેન પર બે મોરચે પ્રહાર શરૂ કરતાં ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે ભરાયા છે. પુતિને ઝેલેન્સ્કીની વિશ્વસનીયતા અને સત્તા અંગે કરેલી ટિપ્પણીને વખોડતા ટ્રમ્પે કહ્યું હતું કે, તેઓ રશિયા પર ખૂબ ગુસ્સે ભરાયા છે અને પુતિનથી કંટાળી ગયા છે. યુદ્ધ વિરામના કરાર ન થાય તો તેના માટે રશિયા જ જવાબદાર હશે. રશિયા ન સુધરે તો ટ્રમ્પે રશિયા પાસેથી ઓઈલ સહિતની તમામ વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવાની ચીમકી આપી હતી. રશિયાની ધમકી આપતી વખતે પણ ટ્રમ્પે પુતિન સાથે ખૂબ સારા સંબંધ હોવાનો દાવો કર્યો હતો.

### સોનિયા ગાંધીએ શિક્ષણ નીતિ પર સરકારને ઘેરી

# હજારો શાળાઓ બંધ અને સિલેબસનું સાંપ્રદાયિકરણ

### મોદી સરકાર રાજ્ય સરકારોને મહત્ત્વપૂર્ણ નીતિગત નિર્ણયોથી દૂર રાખી શિક્ષણના સંઘીય માળખાને નબળું પાડી રહી છે : કોંગ્રેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસની પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ભારતની શિક્ષણ નીતિને લઈને મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ટીકા કરતા કહ્યું કે, મોદી સરકાર સંઘીય શિક્ષણ માળખાને નબળું પાડી રહી છે. તે **3C (Centralisation, commercialisation and communalisation)** એજન્ડાને આગળ વધારી રહી છે અને તેના કારણે સંઘીય શિક્ષણ માળખું નબળું પડી રહ્યું છે.



દેશના અગ્રણી અખબારના એક લેખમાં સોનિયા ગાંધીએ લખ્યું છે કે, છેલ્લા એક દાયકામાં કેન્દ્ર સરકારનો ટ્રેક રેકોર્ડ સ્પષ્ટપણે દર્શાવે છે કે તે શિક્ષણમાં ત્રણ મુખ્ય એજન્ડાને આગળ વધારી રહી છે આ જ કારણે હું ચિંતિત છું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શિક્ષણનું કેન્દ્રિયકરણ, વ્યાપારીકરણ અને સાંપ્રદાયિકીકરણ કરે છે. જેના કારણે સંઘીય શિક્ષણ માળખું નબળું પડી રહ્યું છે. મોદી સરકાર રાજ્ય સરકારોને મહત્ત્વપૂર્ણ નીતિગત નિર્ણયોથી દૂર રાખીને શિક્ષણના સંઘીય માળખાને નબળું પાડી રહી છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે, છેલ્લા ૧૧ વર્ષમાં આ સરકારના માત્ર સત્તા પર કબજો કરવાનું કામ કરી રહી છે. જેના શિક્ષણક્ષેત્રે નુકસાનકારક પરિણામો જોવા મળી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના શિક્ષણ મંત્રીઓની કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડની સાથેની બેઠક છેલ્લે સપ્ટેમ્બર ૨૦૧૯ બાદ એકવાર પણ નથી થઈ.

કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષએ વધુમાં કહ્યું કે, **NEP 2020** દ્વારા શિક્ષણમાં આમૂલ પરિવર્તનો અપનાવતી વખતે અને તેનો અમલ કરતી વખતે પણ કેન્દ્ર સરકારે આ નીતિઓના અમલીકરણ અંગે એક વખત પણ રાજ્ય સરકારો સાથે સલાહ લેવાનું યોગ્ય ન માન્યું. આ એ વાતનો પુરાવો છે કે તે પોતાના સિવાય કોઈનો અવાજ સાંભળતી નથી, આ સિવાય જે વિષય ભારતીય બંધારણની સમવર્તી યાદીમાં છે તેમાં પણ કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર સાથે કોઈ ચર્ચા કરતી નથી. ઉચ્ચ શિક્ષણ તરફ ઈશારો કરતા સોનિયા ગાંધીએ કહ્યું છે કે, કેન્દ્ર સરકારે યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોની નિમણૂકમાં રાજ્ય સરકારોના અધિકારો પણ હટાવી દીધા છે. સમવર્તી યાદીમાં વિષયને પાછલા બારણેથી કેન્દ્ર સરકાર હેઠળ લાવવાનો આ પ્રયાસ છે અને સંઘવાદ પર હુમલો છે. લેખમાં સોનિયા ગાંધીએ શિક્ષણ વ્યવસ્થા પર સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, ખાનગીકરણના પ્રોત્સાહનને કારણે ૨૦૧૪ થી લગભગ ૮૯,૪૪૧ સરકારી શાળાઓ બંધ કરવામાં આવી હતી અને લગભગ ૪૨,૯૪૪ ખાનગી શાળાઓ ખોલવામાં આવી હતી.

આપણી શિક્ષણ વ્યવસ્થામાં ભ્રષ્ટાચારનો વધતો વ્યાપ વેપારીકરણનું પરિણામ છે. નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ **(NAAC)**ના લાંચ કૌભાંડથી લઈને અસમર્થ નેશનલ ટેસ્ટિંગ એજન્સી **(NTA)** સુધી, જાહેર શિક્ષણ વ્યવસ્થા અને એજન્સીઓ નાણાકીય ભ્રષ્ટાચાર માટે સતત સમાચારોમાં રહે છે.

કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષએ કહ્યું કે, કેન્દ્ર સરકાર આરએસએસ અને ભાજપના વૈચારિક એજન્ડાને પૂરા કરવા માટે સાંપ્રદાયિકરણ પર ભાર આપી રહી છે. મહાત્મા ગાંધીની હત્યા અને મુઘલ કાળને ઈતિહાસના અભ્યાસક્રમમાંથી હટાવી દેવામાં આવ્યો છે. મહત્ત્વની શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકો અને ડિરેક્ટરોની નિમણૂંકમાં મેરિટ સાથે ચેડા કરીમાં આવી રહ્યા છે. સોનિયા ગાંધી કહ્યું કે, કેન્દ્રીકરણ, વ્યાપારીકરણ અને સાંપ્રદાયિકરણની આ કોશિશના પરિણામો સીધા આપણા વિદ્યાર્થીઓ પર પડ્યા છે. ભારતની જાહેર શિક્ષણ વ્યવસ્થાની હત્યા બંધ થવી જોઈએ.

### આતંકવાદીઓએ ટ્રેન પર હુમલો કર્યાના ત્રણ સપ્તાહ પછી નિર્ણય

# બલૂચિસ્તાન સરકારે હાઈવેની રાત્રિ યાત્રા પર પ્રતિબંધ મૂક્યો

### લગભગ છેલ્લા બે દાયકાથી બલૂચિસ્તાન પ્રાંત જાતીય બલૂચ બળવાખોર દ્વારા થતી હિંસાનો શિકાર બની ગયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં દિન-પ્રતિદિન કાયદાકીય વ્યવસ્થા કથળી રહી છે. આતંકવાદી હુમલાઓમાં નિર્દોષ લોકોની સાથે સૈન્યના જવાનોની પણ હત્યા કરવામાં આવી રહી છે. આ દરમિયાન, બલૂચિસ્તાનની સરકારે કેટલાક મહત્વના નેશનલ હાઈવે પર રાત્રિના સમયે યાત્રા કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રાંતમાં છેલ્લા કેટલાક સમયથી વાહનો પર આતંકવાદી હુમલાઓ વધી ગયા છે. આ અસ્થિર અને અશાંત પ્રાંતમાં વાહનોને ટાર્ગેટ કરવામાં આવે છે. હથિયારધારીઓ હાઈવે પર વાહનોને રોકી નાંખે છે અને યાત્રિઓની ઓળખ કર્યા પછી તેમની હત્યા કરે છે. પંજાબીઓ પર આવા હુમલા વધુ થઈ રહ્યા છે. કાચ્ચી, ઝોબ, ગ્વાદર, નુશ્કી અને મુસાખાઈલ જિલ્લાના જિલ્લા કમિશનરોએ નોટિફિકેશન જાહેર કરીને મુખ્ય નેશનલ હાઈવે પર સાંજે ૬ કલાકથી સવારે ૬ કલાક સુધી યાત્રા પર પ્રતિબંધ મુકી દીધો છે. આ પ્રતિબંધ ક્વેટા-તાફતાન રોડ, લોરલાઈ-ડેરા ગાજી ખાન રોડ, સિબી રોડ, કોસ્ટલ હાઈવે અને ઝોબ-ડેરા ઈસ્માઈલ ખાન રોડ સહિત કેટલાક હાઈવે પર લાગુ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, લગભગ છેલ્લા બે દાયકાથી બલૂચિસ્તાન પ્રાંત જાતીય બલૂચ બળવાખોર દ્વારા થતી હિંસાનો શિકાર બની ગયો છે, જે પંજાબીઓના સશસ્ત્ર દળો પર હુમલા કરે છે.બલૂચ બળવાખોરોનો આક્ષેપ છે કે સૈન્ય પ્રાંતમાં ખનીજોના ખનનમાં કેન્દ્ર સરકારની મદદ કરી રહ્યું છે. જોકે, પાકિસ્તાન સરકારના અધિકારીઓએ આક્ષેપોને ફગાવી દીધા છે. પ્રતિબંધિત બલૂચિસ્તાન લિબરેશન આર્મીના આતંકવાદીઓએ જાફર એક્સપ્રેસ ટ્રેન પર હુમલો કર્યો હતો. તેના ત્રણ સપ્તાહ પછી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

### અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પત્ર પછી ઈરાનની પ્રતિક્રિયા

# અણુ પ્રોગ્રામ અંગે અમેરિકા સાથે સીધી મંત્રણાનો ઈરાનનો ઈનકાર

### કેબિનેટ બેઠકમાં પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે અમે વાતચીત ટાળતા નથી, પરંતુ વચનોનો ભંગ જ અત્યાર સુધી અમારા માટે સમસ્યાઓનું કારણ બન્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના પત્રના જવાબમાં ઈરાનને તેના ઝડપથી વિકસી રહેલા અણુ પ્રોગ્રામ અંગે અમેરિકા સાથે સીધી વાટાઘાટો કરવાનો ઈનકાર કર્યો હતો.

ટ્રમ્પે ૧૨ માર્ચે ઈરાનના સર્વોચ્ચ નેતાને પત્ર લખીને મંત્રણાની દરખાસ્ત કરી હતી. આ પત્રનો જવાબ આપતા ઈરાનને આ દરખાસ્તને ફગાવી દીધી છે. ઈરાનના આ વલણથી પરમાણુ કાર્યક્રમના મુદ્દે બંને દેશો વચ્ચેના સંબંધો વધુ ખરાબ બની શકે છે. ટ્રમ્પે ઈરાનના વલણ બાદ વધુ પ્રતિબંધોની સાથે સાથે ટેરિફ લાદવાની ચીમકી આપી છે. તેની સાથે સાથે એવું પણ કહ્યું છે કે જો ઈરાન બે મહિનાની અંદર ન્યૂક્લીયર ડીલ અંગે વાટાઘાટો નહિ કરે તો અત્યારસુધી નહિ જોયા હોય તેવા બોમ્બિંગ માટે તૈયાર રહે. ઈરાનના પ્રેસિડન્ટ મસૂદ પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે ઓમાનના સલ્તનત દ્વારા આપવામાં આવેલા ઈરાનના પ્રતિભાવથી વોશિંગ્ટન સાથે પરોક્ષ વાટાઘાટોનો માર્ગ ખુલ્લો રાખ્યો હતો,૨૦૧૮માં વિશ્વના શક્તિશાળી દેશો સાથે ઈરાનની અણુ સમજૂતીમાંથી અમેરિકાને દૂર કરવાના ટ્રમ્પના પ્રથમ ટર્મના એકપક્ષીય નિર્ણયને કારણે આવી મંત્રણામાં કોઈ પ્રગતિ થઈ નથી. કેબિનેટ બેઠકમાં પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે અમે વાતચીત ટાળતા નથી, પરંતુ વચનોનો ભંગ જ અત્યાર સુધી અમારા માટે સમસ્યાઓનું કારણ બન્યો છે. તેઓએ સાબિત કરવું પડશે કે તેઓ વિશ્વાસનું ઘડતરી કરી શકે છે.

ઈરાનના પ્રેસિડન્ટની આ ટીપ્પણી પછી અમેરિકાની કોઈ પ્રતિક્રિયા આવી ન હતી. ટ્રમ્પના પત્ર પછી ઈરાનને તેના વલણને વધુ આકરું બનાવ્યું હતું. ટ્રમ્પનો પત્ર ઈરાનને ૧૨ માર્ચે મળ્યો હતો. એક ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે પત્ર લખ્યો હોવાની જાહેરાત કરી હતી, પરંતુ ઈરાનના સુપ્રીમ નેતાને શું દરખાસ્ત કરી હતી તેની વધુ વિગતો આપી ન હતી.

# રણવીર અલ્લાહબાદિયાએ ફરી હાથ જોડી માફી માંગી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

વિતેલો અમુક સમય યુટ્યુબર રણવીર અલ્લાહબાદિયા માટે ખૂબ મુશ્કેલીઓથી પસાર થયો છે. શો ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ ના એક એપિસોડ દરમિયાન પોતાના એક જોકના કારણે તેને સમગ્ર દેશથી રોષનો સામનો કરવો પડ્યો હતો. આ દરમિયાન તેની પર ઘણા કેસ પણ નોંધાયા જેના વિરુદ્ધ તેણે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. રણવીરને ત્યાંથી રાહત તો મળી ગઈ હતી પરંતુ તેને કોર્ટના આકરા આદેશોનું પાલન કરવા માટે કહેવામાં આવ્યું. હવે લગભગ બે મહિના બાદ તે પાછો આવી ગયો છે.

રણવીરે પોતાના ઈન્સ્ટાગ્રામ અને યુટ્યૂબ પર ધ રણવીર શો પોડકાસ્ટને રીસ્ટાર્ટ કર્યો છે. તેણે પોતાની સમગ્ર ટીમની સાથે ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો શેર કર્યો છે જેમાં તે ખૂબ ખુશ નજર આવી રહ્યો છે. રણવીરે પોતાના પરિવારના આશીર્વાદ લઈને આ નવી સફરની શરૂઆત કરી છે. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર લખ્યું છે, મને પ્રેમ કરનારને થેન્ક્યુ, આ યુનિવર્સને થેન્ક્યુ. એક નવું ચેપ્ટર શરૂ થઈ રહ્યું છે, પુનર્જન્મ.

યુટ્યૂબરે તે બાદ એક લાંબો વીડિયો પણ પોસ્ટ કર્યો છે જેમાં તે પોતાના હાથને જોડીને ચાહકોની માફી માગતો નજર આવ્યો. તેણે પોતાની ચેનલની નવી શરૂઆત અને પોતાના ખરાબ સમયને પણ યાદ કર્યો. વીડિયોની શરૂઆતમાં તે કહે છે કે મારી પાસે કહેવા માટે ઘણું બધું છે પરંતુ તે તેને અત્યારે કહેશે નહીં. પહેલા હું પોતાના તમામ પ્રેમ કરનારને થેન્ક્યુ કહીશ. તમારા પોઝિટિવ મેસેજે મને અને મારા પરિવારને ખૂબ સપોર્ટ કર્યો. આ ફેઝ ખૂબ મુશ્કેલ હતો, અમને ધમકીઓ મળી રહી હતી.

રણવીરે આગળ પોતાના બ્રેક પર પણ વાત કરી, જીવનના સૌથી મુશ્કેલ સમયમાં તમને અનુભવ થાય છે કે તમારા માર્ગમાં માત્ર સફળતા જ ચાલશે નહીં, તમારે નિષ્ફળતાનો સામનો પણ કરવો પડશે. મે છેલ્લા ૧૦ વર્ષથી બ્રેક લીધા વિના દર અઠવાડિયે ૨-૩ વીડિયો પોસ્ટ કર્યા છે. આ એક અનઈચ્છિત બ્રેક હતો જેમાં મે ધીરજ સાથે જીવવાનું શીખ્યું. ઘણા લોકો મને પુત્ર અને ભાઈ માને છે. હું તેમની માફી માગું છું. આગામી સમયમાં જે પણ કન્ટેન્ટ બનાવીશ તે વધુ સમજદારીથી બનાવીશ આ મારું વચન છે.

### સંઘ પરિવાર દેશનું નેતૃત્વ બદલવા માગે છે : રાઉત

# વડાપ્રધાન મોદી સપ્ટેમ્બરમાં રિટાયરમેન્ટ લેશે : સંજય રાઉત

### સંજય રાઉતે કહ્યું કે મોદીના આગામી ઉત્તરાધિકારી મહારાષ્ટ્રમાંથી હશે અને તેનો નિર્ણય સંઘ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગપુરમાં સંઘના સંસ્થાપકોને રવિવારે શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને **RSS** પ્રમુખ મોહન ભાગવત સાથે મુલાકાત કરી હતી. વડાપ્રધાનની નાગપુર મુલાકાત પર શિવસેના-યુબીટીના નેતા સંજય રાઉતે પ્રહાર કર્યા છે અને દાવો કર્યો છે કે, વડાપ્રધાન મોદી સપ્ટેમ્બરમાં રિટાયરમેન્ટ લેશે. સંજય રાઉતે કહ્યું કે, વડાપ્રધાન મોદીના આગામી ઉત્તરાધિકારી મહારાષ્ટ્રમાંથી હશે અને તેનો નિર્ણય સંઘ કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે પણ સંઘનો નિર્ણય શિરોમાન્ય ગણાશે. સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, સંઘ પોતાની ઈચ્છા મુજબ ભાજપનું અધ્યક્ષ પદ સોંપશે. ૧૦ વર્ષ બાદ મોદીની નાગપુર જઈ સંઘના હેડક્વાર્ટર સાથે મુલાકાત સામાન્ય વાત નથી. તેમણે કહ્યું કે, સપ્ટેમ્બરમાં રિટાયરમેન્ટ માટે અરજી કરવા વડાપ્રધાન **RSS**ના હેડક્વાર્ટર ગયા હતાં. મને જાણ છે કે, છેલ્લા ૧૦-૧૧ વર્ષમાં મોદીજી ક્યારેય પણ ત્યાં ગયા નથી. આ વખતે તેઓ સંઘને જાણ કરવા ત્યાં ગયા હતા. મોહન ભાગવતજીને કહેવા ગયા હતા કે, તેઓ હવે ટાટા-બાય-બાય કરી રહ્યા છે. **RSS**ની બે વાતો મને સમજમાં આવી ગઈ છે. પહેલી એ કે તેઓ દેશનું નેતૃત્વ બદલવા માગે છે. બીજું હવે મોદીજીનો સમય પૂરો થઈ ચૂક્યો છે. અને તે દેશમાં બદલાવ લાવવા માગે છે.

રાઉતના આરોપોનું મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા દેવેન્દ્ર ફડણવીસે ખંડન કર્યું છે. તેમણે કહ્યું કે, જુઓ, મોદીજી હજી ૨૦૨૯માં પણ વડાપ્રધાન બનશે. મુઘલ શાસનમાં આમ થતું હતું કે, પિતા જીવિત હોય તો પણ પુત્રને રાજા બનાવી દેવામાં આવે. જ્યાં સુધી મારા નામનો સવાલ છે, હું કોઈપણ **PM**ની રેસમાં સામેલ નથી. **RSS**ના નેતા સુરેશ ભૈયાજીએ **PM** મોદીની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, તેઓ અનેક મહાન કાર્યો કરી રહ્યા છે. અને અમે તેમને સમર્થન આપી રહ્યા છીએ. **RSS** અને ભાજપ વચ્ચે કોઈ મતભેદો નથી.

### બીજી તારીખે ટેરિફ અમલી બનતાં અગાઉ યુએસ પ્રમુખ પીછેહઠના મૂડમાં નથી

# નવા ટેરિફ જાહેર કરવાનો દિવસ અમેરિકા માટે વિદેશી વસ્તુઓથી મુક્તિનો પ્રસંગ બનશેઃ ટ્રમ્પ

### આપણા દેશમાં વેપાર કરનારા દેશો પાસેથી આપણે ચાર્જ લઈશું અને આપણી રોજગારી, સંપત્તિ જેવી તમામ વસ્તુઓ પરત મેળવીશું

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે ટેરિફના નવા દર જાહેર કરવાના છે. આ દિવસ યુએસના ઈતિહાસમાં વિદેશી સામાનમાંથી મુક્તિનો પ્રસંગ બનશે, તેવો વિશ્વાસ ટ્રમ્પે જાહેર કર્યો છે. ટ્રમ્પે નવી ટેરિફ નીતિનો અમલ કરતાં અમેરિકન પરિવારો માટે મોંઘવારી વધવાની અને આવક ઘટવાની આશંકા અર્થશાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યા છે. જો કે ટ્રમ્પ પોતાના ઈરાદામાં પીછેહઠ કરવાના મૂડમાં નથી. ટ્રમ્પે આયાતી સામાનના બદલે ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વ્હાઈટ હાઉસ ખાતે અનેક સીઈઓને આમંત્રિત કર્યા છે, જેમાં તેમને નવા ટેરિફથી બચવા માટે અમેરિકામાં જ અબજો ડોલરનું રોકાણ કરવા સંમત કરવામાં આવશે. વ્હાઈટ હાઉસ ખાતે ટોચના સીઈઓ જૂથ સાથેની બેઠકમાં ધાર્યુ પરિણામ ન મળે તો ટેરિફમાં ‘જેવા સાથે તેવા’ની ટ્રમ્પ નીતિ પડતી મૂકાય તેવી શક્યતા પણ છે. ટ્રમ્પે સીઈઓ સાથેની બેઠકમાં સકારાત્મક પરિણામ મળવાની આશા વ્યક્ત કરી છે. ટ્રમ્પે રેસિપ્રોકલ (જેવા સાથે તેવા) ટેરિફની નીતિ અમલમાં મૂકતા યુરોપિયન દેશો, દક્ષિણ કોરિયા, બ્રાઝિલ અને ભારત સહિત અનેક દેશોમાંથી આવતી વસ્તુઓ મોંઘી બનવાની છે, જેની સીધી અસર સામાન્ય અમેરિકનના ઘરેલુ બજેટ પર થશે. ગત સપ્તાહે ટ્રમ્પે કેનેડા-મેક્સિકો પર ૨૫ ટકા ટેરિફ લાગુ કર્યો હતો. ટ્રમ્પે જણાવ્યું હતું કે, અમેરિકા માટે આ મુક્તિ દિવસનો આરંભ છે. આપણા દેશમાં વેપાર કરનારા દેશો પાસેથી આપણે ચાર્જ લઈશું અને આપણી રોજગારી, સંપત્તિ જેવી તમામ વસ્તુઓ પરત મેળવીશું. આવા દેશો આપણા દેશમાંથી ઘણું લઈ ગયા છે અને આ બાબતમાં શત્રુ કરતાં મિત્રો વધારે ખરાબ રહ્યા છે. ટેરિફમાં વધારાના કારણે વાહનો મોંઘા બનવાની શક્યતા બાબતે ટ્રમ્પે કહ્યું હતું કે, વિદેશમાંથી આવતી કાર મોંઘી બનશે તો લોકો અમેરિકાની કાર ખરીદશે.

### પ્રશાંત કિશોર પણ ઉતર્યા સમર્થનમાં

# કામરાને મળી રાહત, આગોતરા જામીન મંજૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અને શિવસેના પ્રમુખ એકનાથ શિંદે મુદ્દે વિવાદોમાં ફસાયેલા કોમેડિયન કુણાલ કામરાને કોર્ટે રાહત આપી છે. કામરાની મદ્રાસ હાઈકોર્ટમાં આગોતરા જામીનની અરજી સ્વીકારી લેવામાં આવી છે. જેથી કામરાની સાત એપ્રિલ સુધી ધરપકડ કરવામાં આવશે નહીં. પોલીસે તેને ૩૧ માર્ચ સુધીમાં હાજર થવા સમન્સ પાઠવ્યા હતા.

જનસુરાજ પાર્ટીના પ્રમુખ પ્રશાંત કિશોર કુણાલના સમર્થનમાં ઉતર્યા છે. તેમણે કુણાલનો પક્ષ લેતાં કહ્યું કે, કુણાલ રાજનીતિ નથી કરતો. કોમેડિયન કુણાલ કામરાએ મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમની વિરૂદ્ધ કટાક્ષ કરતી પૅરોડી બનાવ્યા બાદ રાજકારણમાં હોબાળો મચ્યો હતો. શિવસેના, ભાજપ સહિતના પક્ષોએ કામરાની ટીકા કરી હતી. પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. જો કે, કામરાએ માફી માગવાનો ઈનકાર કરતાં વધુ એક પૅરોડી બનાવી સરકાર પર પ્રહાર કર્યા હતા. આટલેથી ન અટકતાં કામરાએ દેશના નાણા મંત્રી નિર્મલા સીતારમણ પર પણ ટીખળ કરી હતી. પ્રશાંત કિશોરે કહ્યું કે, કામરા રાજનીતિ કરી રહ્યો નથી. તે કોઈ ખોટો ઈરાદો ધરાવતો નથી. જ્યાં સુધી હું કામરાને જાણું છું, તેને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. તે મારો સારો મિત્ર છે. તેણે અમુક એવી વાતો કહી જેના લીધે વિવાદ થયો. પરંતુ કામરા કોઈ ખોટી ભાવના સાથે બોલ્યો નથી. કુર્ણાલ ઓર્ગેનિક ફાર્મિંગ કરવાની સાથે સ્ટેન્ડઅપ કોમેડી પણ કરે છે. તે રાજકારણમાં કોઈનો હરીફ નથી.

પીકેએ કુણાલ કામરાના નિવેદનનો બચાવ કરતાં કહ્યું કે, થઈ શકે તેનાથી શબ્દોની પસંદગી કરવામાં ભૂલ થઈ હોય, જો તેણે એમ કર્યું હોય તો તેની વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. પરંતુ હું આટલું કહી શકુ છું કે, તે દેશ અને બંધારણનું સન્માન કરે છે.

# તંત્રી લેખ......

## રાજકીય નેતાઓને પગાર-ભથ્થાંમાં વધારા સામે વાંધો નથી હોતો!

મેરા ભારત મહાન કહી ગૌરવ લેતી પ્રજામાંથી મોંઘવારીની બૂમ કાયમ જ ઊઠે છે. પગાર વધારા માટે હડતાળ પ્રજા પાડે છે. એ રાજકીય હોદ્દા ધરાવનારે પાડવી પડતી નથી. કેમ કે સાંસદો કે ધારાસભ્યોના પગાર-ભથ્થાંમાં વધારો થઈને જ રહે છે, પણ અન્ય નોકરિયાતોને વધારો આપવામાં સરકારનો હાથ કાયમ તંગ રહે છે. સાંસદોનું પેન્શન સીધું ૬૦૦૦ વધીને, ૨૫૦૦૦,૩૧૦૦૦ થયું, તો કેટલાકને આજની તારીખમાં પગાર જ ૬૦૦૦ ન હોય તો તેનું પેન્શન કેટલુંક હોય તે સમજી શકાય એવું છે. સત્તાધીશોને, પગાર કે ભથ્થાં વધારા માટે કારણો હાથવગાં હોય છે. ઘણી વાર તો પગાર કે ભથ્થાંમાં થતો માસિક વધારો કોઈ નોકરિયાતના માસિક પગાર કરતાં પણ વધારે હોય છે. આ વધારા માટે કોઈ સાંસદ કે ધારાસભ્ય ને વાંધો નથી હોતો, એટલું જ નહીં, ઢગલો વાંધાઓ પાડનાર વિપક્ષો પણ આ મામલે એક થઈ જાય છે. કોઈને આ વધારો ક્યારેય વધારે લાગતો નથી. હજી તો સાંસદોનો ૨૪ ટકા પગાર વધારો જાહેર જ થયો છે, ત્યાં ગુજરાત વિધાનસભા ગૃહમાં આપ પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા તથા કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરીએ તમામ ધારાસભ્યોની ઈચ્છાનો પડઘો પાડતા હોય તેમ પગારમાં તથા ગ્રાન્ટમાં વધારો કરવાની માંગ કરી છે, તે સાથે જ પૂર્વ ધારાસભ્યોને અન્ય રાજ્યોને અપાતાં પેન્શનની સમકક્ષ પેન્શન આપવાની માંગ દોહરાવાઈ છે. સરકાર પોતાના પેન્શનમાં જ ૬૦૦૦નો વધારો જરાય સંકોચ વગર કરી શકે, તો ૭૫ લાખથી વધુ વૃદ્ધોની જીવન નૈયા બેલેન્સ કરે એટલું થાય તોય ઉપકાર જ થશે. દેશભરના ૭૫ લાખથી વધુ, વિવિધ વર્ગના પેન્શનરોને ઈપીએફ-૯૫માં ૪૧૭, ૫૪૧, ૧૨૫૦ જેવું પેન્શન મળે છે, તે કેવી રીતે જીવતા હશે? તેઓ ૬૫-૭૦ની ઉંમરે 'આત્મનિર્ભર' હોવા જોઈએ, પણ લાચાર છે, દયાપાત્ર છે. સંતાનો, ઓછાં પેન્શનિયાં માબાપને સાચવી લે તો નસીબ, બાકી, એટલાં પેન્શનમાં તો જીવવું ખુબ મોંઘું પડે એ સ્થિતિનો કોઈ ઉકેલ ક્યારે મળશે એ હજી પણ નક્કી નથી. નિવૃત્ત કર્મચારી મંડળે આવેદન આપી માસિક પેન્શન ૭૫૦૦ કરવા રજૂઆત કરી છે. રાજકીય આગેવાનોને એ વાતનો પણ સંકોચ નથી કે પૂર્વ સાંસદોની ટર્મ પૂરી થતાં પેન્શન ઉપરાંત વધારાનું પેન્શન ૨૦૦૦થી વધારીને ૨૫૦૦ કર્યું, તો બીજી તરફ ઘણાં ક્ષેત્રોમાં પેન્શન નકારીને પેન્શનરોનું ભવિષ્ય જ રૂંધાઈ રહ્યું છે. નિવૃત્તિ પછી પેન્શન વગેરે લાભો ન આપવા પડે એટલે સરકાર કાયમી શિક્ષકોની ભરતી કરવાને બદલે જ્ઞાન સહાયકોથી ચલાવે છે. મોટે ભાગે તો હડતાળ કે વિરોધ વગર પ્રજાની ગાડી પાટે ચડતી જ નથી. જેમનો વિરોધ વાંઝિયો છે એ પેન્શનર્સનું પેન્શન અપડેટ થતું જ નથી. ૨૦૦૬માં સાંસદોનો પગાર ૧૨૦૦૦ હતો, તે ૨૦૨૫ સુધીમાં ૯૩૩ ટકા વધીને ૧,૨૪,૦૦૦ થઈ જતો હોય, તો પણ એવું ન પુછાય, કે બીજા કોના પગારમાં ૧૯ વર્ષમાં ૯૩૩ ટકાનો વધારો થયો છે? નોકરીઓ લાખોમાં આપવાની વાતો થાય છે, પણ શિક્ષિત બેકારી ઘટતી નથી. બે છેડા ભેગા કરતાં ઘણી વાર છેડો મુકાઈ જતો હોય, ત્યાં વિના વિરોધ બધા છેડા સંસદમાં પગારને મામલે ભેગા થઈ જતા હોય, એ કેવું

### સ્કાઉટ એન્ડ ગાઈડ એક વિચારધારા છે જે બાળકોમાં રાષ્ટ્ર પ્રત્યે સમર્પણભાવ પ્રગટાવે છે

# સ્કાઉટ એન્ડ ગાઈડના બાળકો પોતાના જન્મદિવસે અને માતા-પિતાની મેરેજ એનિવર્સરીએ એક વૃક્ષ વાવવાનો સંકલ્પ લે : શ્રી આચાર્ય દેવવ્રતજી

**ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ના ૧૫૬૮ બાળકો અને વર્ષ ૨૦૨૪-૨૫ ના ૧૬૧૧ બાળકોને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે રાજ્ય પુરસ્કાર અર્પણ**

**રાજભવન ખાતે મહર્ષિ દયાનંદ સભામંડપમ્ માં આયોજિત ભવ્ય સમારોહમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા**

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના સૌ બાળકોને પોતાના જન્મદિવસે કે પોતાના માતા-પિતાની મેરેજ એનિવર્સરીએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. ગ્લોબલ વૉર્મિંગના દુષ્પરિણામોથી માહિતગાર કરીને તેમણે બાળકોને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ સમજાવ્યું હતું અને કહ્યું હતું કે, વૃક્ષ વાવ્યા પછી ત્રણ વર્ષ સુધી તમે એ વૃક્ષનું જતન કરશો તો પછી બાકીની આખી જિંદગી એ વૃક્ષ તમારું જતન કરશે.

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ના ૧૫૬૮ બાળકો અને વર્ષ ૨૦૨૪-૨૫ ના ૧૬૧૧ બાળકોને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજ્ય પુરસ્કાર અર્પણ કર્યા હતા. ગાંધીનગરમાં રાજભવન ખાતે મહર્ષિ દયાનંદ સભામંડપમ્ માં આયોજિત ભવ્ય સમારોહમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના ૩૧ જિલ્લા પૈકી ૨૫ જિલ્લાઓમાં સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિઓ વધારે સક્રિયતાથી ચાલી રહી છે. ગુજરાતમાં સ્કાઉટ ગાઈડ સંઘે ૬૫ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ગુજરાતના વિભિન્ન જિલ્લાઓમાંથી પધારેલા સ્કાઉટ્સ ગાઈડ્સ તથા સ્કાઉટર અને ગાઈડરને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સ્કાઉટ ગાઈડ એક વિચારધારા છે જે બાળકોમાં સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણનો ભાવ પ્રગટાવે છે. શિક્ષણની સાથે સાથે બાળકોને સેવા સાથે જોડતા આવા સંગઠનો બાળકને આત્મનિર્ભર તો બનાવે જ છે, સાથોસાથ તેમને એક જવાબદાર નાગરિક બનાવીને સમાજમાં તેમની ઉપયોગીતાની અગત્યતા સમજાવે છે.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, વિકાસ માટેની આંધળી દોડ અને આધુનિકતાને નામે આપણે પર્યાવરણનું સંતુલન બગાડી નાખ્યું છે. હવે પાણી અને હવા પ્રદૂષિત થઈ ગયા છે. પ્રાકૃતિક સંપદાનું સંરક્ષણ કરવું દરેક નાગરિકનું કર્તવ્ય છે. તેમણે બાળકોને અનુરોધ કર્યો હતો કે, તેઓ પોતાની દૈનિક જીવનશૈલીમાં અનુશાસન અને સંયમ અપનાવે, જેથી તેઓ સ્વયં સ્વસ્થ રહી શકે અને પર્યાવરણનું રક્ષણ પણ કરી શકે.

યુવાઓને જીવનમાં યોગ્ય માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમને વ્યસન, ખોટી આદતો અને સોશિયલ મિડિયાના દૂષણોથી બચવાની સલાહ આપી હતી. તેમણે માતા-પિતાના માર્ગદર્શનનું મહત્વ રેખાંકિત કરતાં બાળકોને અનુરોધ કર્યો હતો કે,



કોઈપણ સમસ્યા કે સંકટ સમયે પોતાના વાલીઓ સાથે ખુલીને વાતચીત કરવી જોઈએ. તેમણે કહ્યું કે, જે બાળકો પોતાના માતા-પિતા અને ગુરુજનોનું સન્માન કરે છે, તેઓ જીવનમાં હંમેશા સફળતા પ્રાપ્ત કરે છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના બાળપણની એક પ્રેરણાદાયક ઘટના બાળકોને કહેતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, શ્રી નરેન્દ્ર મોદીજીએ પોતાની નાની ઉંમરમાં જ સેવાભાવ અને નેતૃત્વ ક્ષમતા દેખાડી હતી. આ ઉદાહરણ દ્વારા તેમણે બાળકોને સમજાવ્યું કે, સમાજ સેવાની પ્રવૃત્તિ કરવા માટે કોઈ ઉંમરની અડચણ હોતી નથી. જો વ્યક્તિ બાળપણથી જ સમાજસેવાની ભાવનાને અપનાવે, તો તે જીવનમાં મહાનતા પ્રાપ્ત કરી શકે છે. અંતમાં, શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત તમામ અધિકારીઓ, સ્કાઉટ્સ, ગાઈડ્સ અને આયોજકોની પ્રશંસા કરી, નવવર્ષના અવસરે સૌના સુખ, સમૃદ્ધિ અને આરોગ્યની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે સૌને રાષ્ટ્રીય સેવા માટે સમર્પિત રહેવા માટે પ્રેરણા આપતાં જણાવ્યું કે, જો આપણે સૌ મળી ને પ્રકૃતિ, સમાજ અને રાષ્ટ્રની સેવા માટે સજ્જ રહીશું, તો સક્ષમ અને સુખમય ભવિષ્યનું નિર્માણ કરી શકીશું. ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના પ્રમુખ અને પૂર્વ ઉપમુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે પોતાના પ્રસંગિક ઉદબોધનમાં કહ્યું હતું કે, સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ગુજરાતના હજારો દીકરા-દીકરીઓને તાલીમ આપીને તેમનું જવાબદાર નાગરિક અને સજ્જન વ્યક્તિ તરીકે ઘડતર કરાઈ રહ્યું છે. સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિઓ દ્વારા અભ્યાસની સાથે સાથે બાળકોમાં સ્વાસ્થ્ય, જ્ઞાન, સંસ્કાર, દેશભક્તિ અને અન્ય સદગુણોનું સિંચન થાય છે. બાળકોમાં આ ઉપરાંત સ્વચ્છતા, પાણી બચાવો, વીજળી બચાવો જેવી જરૂરી બાબતો પ્રત્યે સજાગતા પણ કેળવાય છે. આવી પ્રવૃત્તિઓ વ્યક્તિત્વ ઘડતર કરે છે અને જીવનમાં ઉપયોગી સાબિત થાય છે. ભારત સ્કાઉટ ગાઈડ સંઘના ગુજરાત રાજ્યના મુખ્ય આયુક્ત શ્રી સવિતાબેન પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘની પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. સ્કાઉટ ગાઈડના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ પણ કરી હતી. આ અવસરે ગુજરાત ભારત સ્કાઉટ ગાઈડ સંઘના ઉપાધ્યક્ષ શ્રી દિલીપભાઈ ચૌધરી, રાજ્ય આયુક્ત (સ્કાઉટ) શ્રી હસમુખભાઈ મોદી, રાજ્ય આયુક્ત (ગાઈડ) શ્રી અંજનાબેન ચૌધરી, નેશનલ સ્કાઉટ કમિશનર શ્રી મનીષકુમાર મહેતા અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### મધ્યપ્રદેશના રાજ્યપાલશ્રી - નાયબ મુખ્યમંત્રીશ્રીની વિશેષ ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મધ્યપ્રદેશના ભોપાલમાં સદકાળ ગુજરાત કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો

**નવા ઉભરતા ક્ષેત્રોમાં સેમિકન્ડક્ટર ગ્રીનગોથ સહિતના બહુવિધ સેક્ટરમાં લીડ લેવા ગુજરાત સજ્જ છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં સદાકાળ ગુજરાત કાર્યક્રમનું ઉદઘાટન કરતાં કહ્યું કે, ગુજરાત એ માત્ર ચાર અક્ષરનો શબ્દ ન રહેતા સર્વાંગી વિકાસનો પર્યાય બની ગયો છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે રીન્યુએબલ એનર્જી વોટર ગ્રીડ ગેસ ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અગ્રેસર ગુજરાત નવા યુગના ઉભરતા ક્ષેત્રો સેમીકંડક્ટર ગ્રીન ગ્રોથે વગેરેમાં પણ લીડ લેવા સંપૂર્ણ સજ્જ છે. મુખ્યમંત્રીશ્રીએ ભોપાલમાં વસતા ૨૦૦૦થી વધુ ગુજરાતી પરિવારો સમક્ષ આ સદાકાળ ગુજરાત કાર્યક્રમમાં રાજ્યના વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરવા સાથે દેશના વિકાસ રોલ મોડલ તરીકે ગુજરાતની પ્રગતિ ગાથા વર્ણવી હતી. સદાકાળ ગુજરાત કાર્યક્રમ રાજ્ય સરકારના બિન નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા દર વર્ષે દેશના વિવિધ રાજ્યોમાં યોજવામાં આવે છે. આ કાર્યક્રમનો હેતુ અન્ય રાજ્યોમાં વસતા મૂળ ગુજરાતના પરિવારો- લોકોનો ગુજરાત સાથે ગુજરાતના વિકાસ સાથે સંબંધસેતુ વધુ સંગીન બનાવવાનો છે.

આ પરંપરામાં ૨૦૨૫ના વર્ષનો સદાકાળ ગુજરાત કાર્યક્રમ મધ્યપ્રદેશની રાજધાનીમાં યોજવામાં આવ્યો હતો. ૨૦૨૪માં આવો કાર્યક્રમ કર્ણાટક બેંગ્લોરમાં યોજાયો હતો.

મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી રાજેન્દ્ર શુક્લ, સાંસદ શ્રી વિષ્ણુદત્ત શર્મા તથા ગુજરાત રાજ્ય બિન નિવાસી પ્રભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવી આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આ અવસરે ગુજરાતી ફૂડ ફેસ્ટિવલનો પણ પ્રારંભ કરાવ્યો હતો અને ગુજરાતી સમાજના અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલએ કહ્યું કે ગુજરાત જ્યારે ૧૯૬૦માં અલગ રાજ્ય બન્યું ત્યારે રણ દરિયો અને ડુંગર ધરાવતું આ રાજ્ય કેવી રીતે વિકાસ કરશે તે સૌના મનમાં પ્રશ્ન હતો. એ જ ગુજરાત આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.

તેમણે ઉમેર્યું કે વીજળીની તંગી, પાણીની અછત, રોડરસ્તાનો અભાવ, જેવી વિકટ સ્થિતિ હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસનદાયિત્વ સંભાળતાં સ્થિતિમાં બદલાવ આવ્યો છે. તેમણે નર્મદાનું પાણી કચ્છ સુધી પહોંચાડ્યું, વીજળી ૨૪ કલાક મળતી થઈ, આરોગ્યસેવાઓ ગ્રામીણ વિસ્તારોમાં પહોંચી છે. ગુજરાતે વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ કરેલી વાઈબ્રન્ટ સમિટ આજે દેશના અન્ય રાજ્યોમાં શરૂ થઈ છે, તેમા ઉલ્લેખ કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વાઈબ્રન્ટ સમિટ ગુજરાતને રોજગારી સર્જનમાં અગ્રેસર રાખવા સાથે વિદેશના રોકાણકારોને પણ ગુજરાતમાં રોકાણ કરવા પ્રેરિત કર્યા છે. આજે વિશ્વની ટોપ-૫૦૦માંથી ૧૦૦ કંપનીઝ ગુજરાતમાં છે.

મુખ્યમંત્રીએ વડાપ્રધાનશ્રીએ આપેલા એક ભારત શ્રેષ્ઠ ભારતના વિચારને સાકાર કરવામાં આવા સદાકાળ ગુજરાત જેવા કાર્યક્રમો ઉપયુક્ત બન્યા છે, તેની ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે દેશના રાજ્યો એકબીજાની વિકાસ-વાતો બેસ્ટ પ્રેક્ટિસીસનું પરસ્પર આદાન-પ્રદાન કરીને વિકસિત ભારત માટે સૌ સાથે મળીને આગળ વધવું છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે મધ્યપ્રદેશમાં વસતા ગુજરાતી પરિવારો મધ્યપ્રદેશના વિકાસમાં પણ અગ્રીમ યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાતનો મંત્ર સૌ ગુજરાતીઓ દેશમાં જ્યાં પણ વસે છે ત્યાંના વિકાસમાં યોગદાન આપીને પાર પાડે છે તેનો આનંદ પણ તેમણે દર્શાવ્યો હતો.

રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલે મધ્યપ્રદેશના પ્રથમ નાગરિક તરીકે સદાકાળ ગુજરાત જેવા કાર્યક્રમો મધ્યપ્રદેશમાં આયોજન કરવા અંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ગુજરાતીઓની વિશેષતા છે કે જ્યાં જાય ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી જાય છે. મધ્યપ્રદેશમાં અંદાજે બે લાખ જેટલા ગુજરાતીઓ વસવાટ કરે છે તેનું આ પ્રદેશના વિકાસમાં મોટું યોગદાન છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે વડાપ્રધાનશ્રીએ સૌના સાથ સૌના વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસનો મંત્ર આપ્યો છે, તેના પરિણામે દેશના સૌ લોકોનો વિકાસમાં સહયોગ મળે છે. ભારત વડાપ્રધાન શ્રી ના નેતૃત્વમાં આના પરિણામે વિશ્વગુરુ બનશે જ તેમ તેમણે દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું.

મધ્યપ્રદેશના નાયબ મુખ્યમંત્રીશ્રી રાજેન્દ્ર શુક્લએ ગુજરાતને ઈશ્વરકૃપાની ભૂમિ ગણાવતા કહ્યું કે સ્વરાજ્યનું નેતૃત્વ કરનારા ગાંધીજી, અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબ અને હવે સૂરાજ્યના પ્રેરણાસ્રોત શ્રી નરેન્દ્રભાઈ, શ્રી અમિતભાઈ, આ બધા જ ગુજરાતની ધરતીના એવા સંતાન છે જે દેશને દિશા આપતા રહ્યા છે. તેમણે સદાકાળ ગુજરાત કાર્યક્રમને મધ્યપ્રદેશ અને ગુજરાતને વધુ નજીક લાવવાનો સમયોચિત ઉપક્રમ ગણાવ્યો હતો.ગુજરાતના ગૃહરાજ્યમંત્રીશ્રી અને બિન નિવાસી ગુજરાતી પ્રભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સદાકાળ ગુજરાત કાર્યક્રમના સમગ્ર આયોજનની ભૂમિકા આપી હતી. તેમણે વતન બહાર વસતા ગુજરાતીઓ વતનની મહેક જ્યાં પણ તેઓ વસ્યા હોય ત્યાં પ્રસરાવે છે, તેની સરાહના કરતા મધ્યપ્રદેશ ગુજરાતી સમાજના કાર્યોને બિરદાવ્યા હતા.

શ્રી હર્ષ સંઘવીએ ગુજરાત સરકારે અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજોને ગુજરાત ભવ્ય નિર્માણ માટે રાજ્ય સરકારની સહાય તથા તે રાજ્યના યુવાનોને ગુજરાત દર્શન માટેના વતન પ્રવાસ યોજનાની વિગતો પણ આપી હતી.

મધ્યપ્રદેશ ભાજપ અધ્યક્ષ અને સાંસદ શ્રી વિષ્ણુદત શર્માએ સૌને આવકાર્યા હતા અને ગુજરાતમાં ડાયમંડ પોલિસીંગ માટેનું રો મટીરીયલ-કાચો માલ, હીરા તેમના મતક્ષેત્રના પન્નામાંથી મળે છે, તેનો ખાસ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અખિલ ભારતીય ગુજરાતી સમાજ-ભોપાલના શ્રી સંજય પટેલનું તેમની સેવાઓની કદરરૂપે સ્મૃતિચિહનથી સન્માન કર્યુ હતું. ગુજરાતી સમાજના અન્ય સેવાકર્મીઓનું પણ આ તકે સન્માન કરવામાં આવ્યું હતું. બિનનિવાસી ગુજરાતી પ્રભાતના સચિવ શ્રી હારિત શુક્લા, એનર્જી ફાઉન્ડેશનના નિયામક શ્રી શેઠ, નાયબ સચિવ શ્રી રાજેન્દ્ર રાઠોડ અને વિશાળ સંખ્યામાં ગુજરાતી પરિવારો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### વિનાશક ભૂકંપના પગલે

# મ્યાનમારનું બીજું સૌથી મોટું શહેર મંડાલય સ્મશાનમાં ફેરવાયું

**કાટમાળ નીચે દબાયેલા લોકોના આક્રંદ સંભળાયા, પણ રાહત પહોંચે તે પહેલાં મોત આંબી ગયું**

(સંપૂર્ણ સમાચાર સેવા)મંડાલય

શુક્રવારે આવેલા વિનાશક ભૂકંપ બાદ મ્યાનમારનું બીજું સૌથી મોટું શહેર મંડાલય સ્મશાનમાં ફેરવાઈ ગયું હોય તેવી સ્થિતિ છે. ચારે બાજુ મૃતદેહો અને સ્વજનોના આક્રંદ વચ્ચે રાહત કામગીરી ચાલી રહી છે. વહીવટી તંત્ર અને સ્વયંસેવકો દ્વારા કાટમાળ નીચે દબાયેલા લોકોને ઉગારવા પ્રયાસ થઈ રહ્યા છે. અનેક કિસ્સામાં કાટમાળ નીચે દબાયેલા લોકોના આક્રંદના અવાજ રાહતકર્મીઓને સંભળાય છે અને પીડિતોને બચાવવા તંત્ર મચી પડે છે, પરંતુ રાહત પહોંચે તે પહેલાં અસરગ્રસ્તોનો મોત આંબી ગયું હોય તેવા દૃશ્યો ઠેર-ઠેર જોવા મળે છે. શુક્રવારે મ્યાનમારમાં ૭.૭ મેગ્નિટ્યુટનો ભૂકંપ આવ્યો હતો, જેનું એપિ સેન્ટર મ્યાનમારનું બીજું સૌથી મોટું શહેર મંડાલય હતું. આ શહેરમાં વિશાળકાય ઈમારતો પત્તાના મહેલની જેમ કડડભૂસ થઈ હતી અને હાઈવે જર્જરિત કપડાની જેમ ચિરાઈ ગયા હતા. ઘટનાના બે દિવસ બાદ પણ રાહત કામગીરીમાં અપેક્ષા મુજબની સફળતા મળતી નથી. મંડાલય શહેરની ગલીઓમાં અનેક મૃતદેહો રઝળી રહ્યા છે. મૃતદેહોમાંથી આવતી દુર્ગંધની વચ્ચે જીવિત રહેલા લોકોની આંખોમાં પોતાના સ્વજનને ગુમાવ્યાનું દુઃખ છલકાઈ રહ્યું છે. વિનાશકારી ભૂકંપે આ વિસ્તારમાં ૧૬૦૦થી વધુનો ભોગ લીધો છે અને હજુ ઘણાં લોકો કાટમાળ નીચે દટાયેલા છે. મ્યાનમારમાં ભૂકંપગ્રસ્તોની સહાય કરી રહેલા સ્વયંસેવક કિઆઉ મીન પોતાના શહેરની વાત કરતાં-કરતા રડી પડ્યા હતા. તેમણે કહ્યું હતું કે, આખું શહેર તબાહ થઈ ગયું છે. ચારે બાજુ મૃતદેહો છે. અમને કાટમાળ નીચે દબાયેલા લોકોના આક્રંદ સંભળાય છે, પરંતુ અમે તેમના સુધી સમયસર પહોંચી શકતા નથી. ભૂકંપ પહેલા અને તે પછીના મ્યાનમારની સેટેલાઈટ તસવીરો મનને હચમચાવી નાખે તેવી છે. મૃત્યુનો સત્તાવાર આંકડો ૧૬૦૦ને આંબી ગયો છે અને ૩,૪૦૮ લોકો ઘાયલ છે. કાટમાળ નીચેથી સતત મૃતદેહો મળી રહ્યા છે, જેના લીધે મૃત્યુ આંક વધવાનું નિશ્ચિત છે. છૂટાછવાયા ગામડાઓમાં તબાહીનો અંદાજ હજુ સુધી મળી શક્યો નથી. રાહત કામગીરીની વચ્ચે આફ્ટર શોક્સ અનુભવાઈ રહ્યા છે. શનિવારે બપોરે ૫.૧નો આંચકો આવ્યો હતો. લોકો રસ્તાઓ પર જીવન ગુજારી રહ્યા છે અને પોતાના સ્વજનોને શોધવાની આશામાં ભટકી રહ્યા છે. મ્યાનમારમાં તમામ હોસ્પિટલો ભરાઈ ગઈ છે. તંત્ર પાસે દવાઓ નથી, લોહી નથી અને સારવાર માટે કોઈ સુવિધા નથી. એકંદરે આભ ફાટ્યું હોય ત્યારે થીગડું મારવા જેવી સ્થિતિ છે અને રાહત કામગીરી સાથે સંકળાયેલી સંસ્થાઓ લાચારી અનુભવી રહી છે.

### IPLએ જાહેર કર્યું સત્તાવાર નિવેદન

# રાજસ્થાનની પ્રથમ જીત પણ કેપ્ટન રિયાન પરાગને મળી સજા

**રિયાન પરાગની ટીમ રાજસ્થાન રોયલ્સે પોતાની ઓવરો સમયસર પૂરી કરી ન હતી, આ કારણે દંડ ફટકારાયો**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાજસ્થાન રોયલ્સ ટીમે રવિવારે ચેન્નાઈ સુપર કિંગ્સને હરાવીને ૨૦૨૫ સીઝનની પ્રથમ જીત નોંધાવી હતી. રિયાન પરાગની કેપ્ટન્સીમાં ટીમે પ્રથમ વખત જીત મેળવી હતી. આ જીત બાદ રિયાન પરાગને મોટું નુકસાન થયું છે.

રિયાન પરાગ IPLની પ્રથમ ત્રણ મેચોમાં રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન હતો કારણ કે નિયમિત કેપ્ટન સંજુ સેમસનને આંગળીની સર્જરી પછી BCCI દ્વારા વિકેટકીપિંગ કરવાની મનાઈ કરવામાં આવી હતી. તેથી તે આ મેચોમાં માત્ર બેટ્સમેન તરીકે રમ્યો હતો.

મુંબઈમાં ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ મેચ દરમિયાન સેમસંગની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું, જે બાદ તેને નાની સર્જરી કરાવવી પડી હતી. તેને બેટિંગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

કેપ્ટન તરીકે પ્રથમ જીત બાદ રિયાન પરાગને IPL દ્વારા સજા આપવામાં આવી છે. રિયાન પરાગની ટીમ રાજસ્થાન રોયલ્સે પોતાની ઓવરો સમયસર પૂરી કરી ન હતી. આ કારણે હવે તેને IPL દ્વારા દંડ ફટકારવામાં આવ્યો છે.

IPLએ તેના સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, આઈપીએલ આચાર સંહિતાની કલમ ૨.૨૨ હેઠળ આ તેની ટીમનો સીઝનનો પ્રથમ ગુનો હતો, જે ન્યૂનતમ ઓવર-રેટના અપરાધો સાથે સંબંધિત છે, તેથી પરાગને રૂપિયા ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

### ઝડપાયા પછી પૂછ્યું- કોઈ મરી ગયું?

# નોઈડામાં લેમ્બોર્ગિની લઈને જતા યુવકે શ્રમિકોને કચડ્યાં

**ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા


ઉત્તર પ્રદેશના નોઈડામાં રવિવારે (૩૧ માર્ચ) એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. નોઈડા સેક્ટર ૧૨૬માં સાંજે લેમ્બોર્ગિની કાર ડ્રાઈવરે ફૂટપાથ પર બેઠેલા બે શ્રમિકોને કચડી નાંખ્યા હતાં. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. વળી, ઘટનાસ્થળે જ્યારે લોકોએ ડ્રાઈવરને રોક્યો અને પોલીસને બોલાવવાની વાત કરી તો જાણે તેને કોઈનો ડર જ ન હોય તેમ ખૂબ જ આરામથી લોકોને પૂછી રહ્યો છે કે, શું કોઈ મરી ગયું?

લેમ્બોર્ગિની કાર દ્વારા સર્જાયેલા અકસ્માત બાદ લોકોએ ડ્રાઈવરને ઘેરી લીધો હતો. જ્યારે લોકોએ કહ્યું, તને બહુ સ્ટંટબાજી કરવી છે? તો દીપક નામનો આરોપી કારની અંદરથી ખૂબ જ આરામથી બહાર આવ્યો ત્યારે લોકોએ પૂછ્યું તને ખબર છે કેટલાં લોકોના મોત થયા? આ સાંભળીને આરોપી સામે લોકોને પૂછે છે કે, શું કોઈ મરી ગયું? મેં થોડી જ રેસ આપી હતી.

આ અકસ્માતનો અમુક સેકન્ડનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. જેમાં જોવા મળી રહ્યું છે કે, અકસ્માત બાદ કાર ડિવાઈડર પર ચઢી ગઈ છે અને ડ્રાઈવર અંદર જ બેઠો છે.

બાદમાં એક વ્યક્તિ ગેટ ખોલાવીને ડ્રાઈવરને પૂછે છે કે, તને ખબર છે અકસ્માતમાં કેટલાં લોકો મરી ગયા? જેના જવાબમાં આરોપી પૂછે છે કે, શું કોઈ મરી ગયું? કારની બહારનો વ્યક્તિ ડ્રાઈવરને સ્ટંટ કરવાની વાત કહી તો, આરોપીએ રેસ માટે એક્સીલેટર વધારવાની વાતની કબૂલાત કરી હતી.

પોલીસનું કહેવું છે કે, દીપક ગાડી ખરીદ-વેચાણ માટે બ્રોકરનું કામ કરે છે. એક વ્યક્તિ માટે લેમ્બોર્ગિની ખરીદવાની હતી. જ્યારે આરોપી ટેસ્ટ ડ્રાઈવ કરતો હતો ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.



RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.૯૦,૨૮૪ની વિક્રમજનક સપાટીએ પહોંચ્યોઃ ચાંદીમાં રૂ.૨૬૦ની તેજી

**ઈદ નિમિત્તે પ્રથમ સત્રનાં કામકાજ બંધ રહ્યાઃ બીજા સત્રનાં કામકાજ રાબેતા મુજબ ચાલુઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૬નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૨૦.૪૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૪૧૯.૯૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૬૨૧.૩૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૧૩૬૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ઈદ નિમિત્તે જાહેર રજા હોવાથી પ્રથમ સત્રનાં કામકાજ બંધ રહ્યાં હતાં, જ્યારે બીજા સત્રનાં કામકાજ રાબેતા મુજબ ચાલુ રહ્યા હતા. સાંજે ૬ વાગ્યા સુધીમાં એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૯૪૦.૫૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૨૦.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૪૧૯.૯૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૨૧૩૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૯૬.૭૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૬૨૧.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯૪૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૦૨૮૪ અને નીચામાં રૂ.૮૯૪૦૦ના મથાળે અથડાઈ, રૂ.૮૮૮૦૬ના આગલા બંધ સામે રૂ.૧૨૭૭ વધી રૂ.૯૦૦૮૩ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૭૬ વધી રૂ.૭૨૫૫૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૦૭ વધી રૂ.૯૧૩૭ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૭૭ વધી રૂ.૯૦૧૩૬ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૫૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૮૭૯ અને નીચામાં રૂ.૧૦૦૪૭૭ના મથાળે અથડાઈ, રૂ.૧૦૦૪૫૭ના આગલા બંધ સામે રૂ.૨૬૦ વધી રૂ.૧૦૦૭૧૭ના ભાવે બોલાયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૮૦ વધી રૂ.૧૦૦૬૭૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૮૯ વધી રૂ.૧૦૦૬૮૦ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૯૬.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૭.૨ ઘટી રૂ.૮૯૦.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૧.૫૫ ઘટી રૂ.૨૬૮.૫૫ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૨.૧૫ ઘટી રૂ.૨૪૭.૪૫ થયો હતો. સીસું એપ્રિલ વાયદો ૭૦ પૈસા ઘટી રૂ.૧૭૯.૩ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૬૦૨.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૫૯૩૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૯૬૯ અને નીચામાં રૂ.૫૯૩૪ના મથાળે અથડાઈ, રૂ.૫૯૪૬ના આગલા બંધ સામે રૂ.૧૬ વધી રૂ.૫૯૬૨ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૬ વધી રૂ.૫૯૬૪ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૦.૭ વધી રૂ.૩૫૮.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૦.૯ વધી રૂ.૩૫૮.૬ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૯૯૭.૮૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૨૩.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૧૫.૬૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭.૬૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૮.૩૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૫.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૪.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૪૭.૬૧ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૦૮૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૦૭૭૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૭૬૭૭ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૮૭૮૪૪ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૩૨૬૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૩૬૬૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૨૨૪૦૦ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૬૦૨૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૪૪૪૬ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૨૧૩૨૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૧૩૬૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૧૩૨૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૭૭ પોઈન્ટ વધી ૨૧૩૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૩ વધી રૂ.૧૨૩.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૬ વધી રૂ.૨૦.૩ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૯૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૧.૫ વધી રૂ.૫૮૩ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૩૬ વધી રૂ.૬૫૩ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૫૯ ઘટી રૂ.૧૦.૩૩ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૧ પૈસા ઘટી રૂ.૧.૭૮ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૧૫ વધી રૂ.૧૨૬.૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૮૫ વધી રૂ.૨૦.૪ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૧.૫ વધી રૂ.૧૪૭૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪૬.૫ વધી રૂ.૨૦૧૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૭ ઘટી રૂ.૧૨૨.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૨૫ ઘટી રૂ.૨૧.૨ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૮૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૦.૫ ઘટી રૂ.૭૬૬.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૧.૫ વધી રૂ.૨૨૦૦ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૦૭ વધી રૂ.૨૦ થયો હતો. જસત એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૮ પૈસા વધી રૂ.૪.૩૯ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૧૫ ઘટી રૂ.૧૨૫.૨૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૪ ઘટી રૂ.૨૧.૪૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૮૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૮.૫ ઘટી રૂ.૮૮૫.૫ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૬ વધી રૂ.૨૧૪૩.૫ થયો હતો.

---

### પ્રતાપનગર સ્થિત ન્યૂ હોરાઈઝન્સ ડેવલપમેન્ટ સેન્ટરમાં મૂક્યો હતો

## વડોદરામાં ઓછું બોલતા બાળકની ડોક્ટરે કરી ડરામણી ‘ટ્રીટમેન્ટ’

**તે બાળકના ચહેરાની નજીક ગઈ અને તેને ધમકાવવા લાગી.ત્યાંથી ઉભા થઈને આંગળી બતાવીને બાળકને ખૂણામાં જ બેસાડી દીધો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના એક વેપારીએ પોતાના ૪ વર્ષના બાળકને, જે માંડ માંડ બોલી શકતો હતો, તેને પ્રતાપનગર સ્થિત ન્યૂ હોરાઈઝન્સ ડેવલપમેન્ટ સેન્ટરમાં મૂક્યો હતો. જ્યાં ડો. મીરા મેડમે બાળકને ડરાવીને એક ખૂણામાં બેસાડી દીધો અને તેના પગ પર પગ મૂકીને ધમકી આપી. આ વાતની જાણ થતાં, વેપારી અને તેમની પત્નીએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. સેન્ટરના ડો. મીરા અને પૂજા મેડમ વિરુદ્ધ કિશોર ન્યાય અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ ઘટના અંગે મકરપુરા પોલીસના જણાવ્યા અનુસાર, શહેરના એક વેપારીનો ૪ વર્ષનો પુત્ર ઓછો બોલતો હતો અને તેની ઉંમરના બાળકો સાથે યોગ્ય રીતે વાતચીત કરતો કે મિત્રતા કરતો નહોતો. તેથી વેપારી ફેબ્રુઆરીમાં પ્રતાપનગર પોલીસ સ્ટેશનની સામે ઈન્ફિનિટી આર્કેડના ત્રીજા માળે સ્થિત ન્યૂ હોરાઈઝન્સ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં તેના પુત્રને મુક્યો હતો.

વેપારીએ આરોપ લગાવ્યો છે કે ૧૫ માર્ચ, ૨૦૨૫ ના રોજ બપોરે ૧:૩૦ થી ૨:૧૫ વાગ્યાની વચ્ચે, સેન્ટરના ડિરેક્ટર ડો. મીરા મેડમ રૂમમાં ગયા હતા. રૂમમાં પ્રવેશ્યા પછી, તેમણે તેમના પુત્રનો હાથ પકડીને તેને એક ખૂણામાં બેસાડ્યો.

ડો. મીરા બાળકના પગ પર પગ રાખીને બેસી ગયા. તે બાળકના ચહેરાની નજીક ગઈ અને તેને ધમકાવવા લાગી.ત્યાંથી ઉભા થઈને આંગળી બતાવીને બાળકને ખૂણામાં જ બેસાડી દીધો હતો. ફરિયાદીએ આરોપ લગાવ્યો છે કે ઘટના પછી, તેનો દીકરો ડરી ગયો હતો અને એક ખૂણામાં બેઠો હતો. માતા અને પિતા સતત વાતો કરી રહ્યા હતા. વધુમાં, તેમનો દીકરો રૂમમાં આવ્યો ત્યારથી રડી રહ્યો હતો, પરંતુ પૂજા નામની મહિલાએ તેના પર કોઈ ધ્યાન આપ્યું નહીં. તે રૂમમાં ઝૂલા પર ઝૂલતી રહી અને તેના રડતા દીકરા પ્રત્યે કોઈ સહાનુભૂતિ દર્શાવતી ન હતી. બાળક સાથે ધમકાવવા અને ક્રૂર વર્તન કરવા બદલ બંને સામે કેસ નોંધવામાં આવ્યો છે. ચાઈલ્ડ સેન્ટરમાં કેન્દ્રમાં રહેતું હોવાથી, માતાએ પૂછ્યું કે શું કરવામાં આવ્યું છે. જવાબમાં, બાળકે કહ્યું કે મેડમે ગુસ્સામાં તેને માર્યો હતો. બાળક પાસેથી આ સાંભળીને માતાને નવાઈ લાગી. જ્યારે માતાએ સેન્ટરના સીસીટીવી ફૂટેજ જોયા, ત્યારે તેમણે જોયું કે ડૉ. મીરાએ બાળકને એક ખૂણામાં બેસાડીને તેના પગ પર બેસાડી દીધો હતો અને તેને ખૂણામાં બેસાડી રાખ્યો હતો. આ ઘટના અંગે મકરપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એસ. પટેલે જણાવ્યું હતું કે, ન્યુ હોરાઈઝન્સ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટરના ડો. મીરા અને પૂજા મેડમ વિરુદ્ધ જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ સોમવારે બંનેના નિવેદનો નોંધશે.

---

### વંદે ભારત સાથે આ રૂટ પર મુસાફરી હવે સરળ બનશે

## હવે કટરાથી શ્રીનગરની મુસાફરીમાં ફક્ત ૩ કલાક લાગશે



USBRL પ્રોજેક્ટ પછી, ઘણા વર્ષોની રાહનો અંત આવશે. જમ્મુ અને શ્રીનગર વચ્ચે વંદે ભારત ચલાવવાથી ઘણા કલાકોનો સમય બચશે. કટરાથી શ્રીનગરની મુસાફરી હવે ફક્ત ૩ કલાકમાં થશે. હાલમાં રોડ માર્ગે મુસાફરી કરવામાં ૬ થી ૭ કલાક લાગે છે.

હાલમાં,કટરા અને શ્રીનગર વચ્ચે વંદે ભારત ચલાવવાનું આયોજન છે. હાલમાં, ખીણમાં શ્રીનગરથી સાંગલદાન સુધી ટ્રેનો દોડે છે. હવે, સાંગલદાનથી કટરા સુધીની રેલ્વે લાઈન ખુલ્યા પછી, આ ટ્રેનો કટરા સુધી દોડી શકાશે.

USBRL પ્રોજેક્ટઃ કાઝીગુંડ-બારામુલ્લા સેક્શન વર્ષ ૨૦૦૯ માં શરૂ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૩ માં ૧૮ કિમી બનિહાલ-કાઝીગુંડ સેક્શન, વર્ષ ૨૦૧૪ માં ૨૫ કિમી ઉધમપુર-કટરા, વર્ષ ૨૦૨૩ માં બનિહાલ થી સાંગલદાન અને હવે સાંગલદાન થી કટરા વચ્ચે શરૂ થવા જઈ રહ્યું છે. વિશ્વનો સૌથી ઊંચો રેલ આર્ચ બ્રિજ - ચેનાબ બ્રિજ આ પ્રોજેક્ટનો એક ભાગ છે. હવે ટનલ, પુલ અને ખીણોને કારણે રેલ મુસાફરી વધુ આનંદપ્રદ બનશે.

---

### રાંદેર પોલીસ સ્ટેશનમાં PSI પટેલ ફરજ પર હતા

## સુરતમાં પોલીસની કારમાંથી દારૂની બોટલો મળી આવતાં PSI સસ્પેન્ડ

**સમગ્ર ઘટનાની માહિતી મળ્યા બાદ, પોલીસ કમિશનરના આદેશથી, PSI એ.એ. પટેલનું સિવિલ હોસ્પિટલમાં તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં પોલીસની કારમાંથી દારૂની બોટલો મળી આવતાં PSI પટેલ ઝડપાયા હતા, પોલીસ તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

માહિતી અનુસાર, સુરતમાં ગઈકાલે પોલીસની નંબર પ્લેટવાળી ખાનગી કારમાંથી દારૂની બોટલો સાથે PSI એ. પટેલ ઝડપાયા હતા. રાંદેર પોલીસ સ્ટેશનમાં PSI પટેલ ફરજ પર હતા. પોલીસ પ્લેટવાળી પોતાની ખાનગી કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમને દારૂની બોટલો અને નશાની હાલતમાં પકડાયાં હતા. આ દરમિયાન ત્યાં હાજર લોકોએ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવીને વાયરલ કરી દીધો હતો. જોકે, આ દરમિયાન એવો દાવો કરવામાં આવ્યો હતો કે PSI પટેલને બચાવવા માટે, તેમને રિક્ષામાં ઘરે મોકલવામાં આવ્યા હતા જેથી મામલો થાળે પડી શકે. જોકે, આ બાબતની નોંધ એક વરિષ્ઠ પોલીસ અધિકારી દ્વારા લેવામાં આવી હતી. સમગ્ર ઘટનાની માહિતી મળ્યા બાદ, પોલીસ કમિશનરના આદેશથી, PSI એ.એ. પટેલનું સિવિલ હોસ્પિટલમાં તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું. આ તપાસ બાદ રિપોર્ટ બહાર આવ્યો અને જાણવા મળ્યું કે તે નશાની હાલતમાં હતી. હાલમાં PSI પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અમદાવાદના સરખેજમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ છે. સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીએને માહિતી મળી હતી કે સરખેજના વણઝરમાં સાબરમતી નદીના કિનારે કેટલાક શખ્સો દેશી દારૂની ભઠ્ઠી ચલાવી રહ્યા છે. જેને આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે રૂ. ૩,૪૦,૦૦૦ ની કિંમતનો ૧,૭૦૦ લિટર દેશી દારૂ, રૂ.૬,૩૦,૨૦૦ ની કિંમતનો ૨૫,૨૦૦ લિટર વોશ અને એક વાહન મળીને કુલ રૂ. ૧૩,૭૯,૬૫૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ કેસમાં પોલીસે કમોડ ગામમાં રહેતા શૈલેષ ઉર્ફે કાળો જશુભાઈ ચુનારાની ધરપકડ કરી હતી. જ્યારે નવ ફરાર આરોપીની શોધ હાથ ધરી છે.

---

### ટેક્સી ચાલકે યુવકને અડફેટે લેતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો

## સુરેન્દ્રનગરમાં જોરાવરનગર રોડ પર યુવકનું થયું કમકમાટીભર્યું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરમાં જોરાવરનગર રોડ પર અમદાવાદની ટેક્સી ચાલકે યુવકને અડફેટે લેતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. યુવકને નજીકના લોકોએ તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ હતી.

બેફામ વાહનચાલકોને અંકુશમાં લાવવા રાજ્ય પોલીસ, જીલ્લા પોલીસ કડક કાર્યવાહી કરતી જોવા મળી છે. પકડાયેલા લોકોને મોટો દંડ પણ ભરવો પડ્યો છે, તેમજ વાહનચાલકોની બેદરકારીનાં લીધે નિર્દોષ લોકોએ પોતાનો જીવ ગુમાવવાનો વારો પણ આવ્યો છે. ત્યારે ફરીથી સુરેન્દ્રનગર જીલ્લામાં હિટ એન્ડ રન ની ઘટના બની છે. સુરેન્દ્રનગર શહેરમાં આવેલ જોરાવરનગર-રતનપર કોઝ વે રોડ પરથી બેફામ વાહન ચાલક કાર લઈને પૂરપાટ ઝડપે દોડાવી રહ્યો હતો, દરમિયાન માતૃશ્રી કોમ્પલેક્સ નજીક અચાનક કાબૂ ગુમાવતા યુવકને અડફેટે લીધો હતો. માહિતી અનુસાર, માહિર ડોડિયા નામનો યુવક કાર પરથી કાબૂ ગુમાવ્યો હતો. કારની ટક્કરથી રસ્તે ચાલીને જતો યુવક કાર અને થાંભલા સાથે અથડાયાં શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. કાર એટલી ઝડપમાં હતી કે યુવક ફંગોળાઈ થાંભલાને અથડાયો હોવાનું CCTV ફૂટેજમાં સામે આવ્યું છે.

અકસ્માત થતાં લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કાર ચાલકને ટોળાએ ઝડપી પાડી પોલીસને હવાલે કર્યો હતો. ઘાયલ યુવકને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો, બાદમાં વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. જ્યાં તબીબી સારવાર દરમિયાન યુવકનું મોત નિપજતાં પરિવારમાં શોક છવાયો છે. અગાઉ જામનગરના દરેડ મસિતીયા રોડ પર મોડી રાત્રે હિટ એન્ડ રન ના બનાવમાં એક યુવાનનો જીવ ગયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલી ઈકો કારના ચાલકે એક બાઈકને ઠોકરે ચડાવતાં બાઈક સવાર સુમરા યુવાનનું ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. માહિતી મુજબ, જામનગરના દરેડ-મસીતીયા રોડ પર ઈકો કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક રઝાક અબ્બાસભાઈ ખફી નામના ૨૨ વર્ષીય સુમરા યુવાનને ગંભીર ઈજા થઈ હતી. જેથી તેને ગંભીર હાલતમાં સારવાર માટે ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જયા ફરજ પરના તબીબો દ્વારા યુવાનને મૃત જાહેર કરાયો હતો.

---

## મંજુસર GIDCમાં ટાઈલ્સનો પાઉડર બનાવતી કંપનીમાં લાગી ભીષણ આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના સામે આવતી હોય છે. ત્યારે વડોદરાના સાવલીના મંજુસર GIDCમાં આગની ઘટના બની હતી. જેના પગલે આસપાસના વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ટાઈલ્સનો પાઉડર બનાવતી ટોરે સીડ નામની કંપનીમાં આગ લાગતા દૂર દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. ભીષણ આગ લાગતા સ્થાનિકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો. ચારથી વધુ ફાયર વિભાગ દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો જોવા મળ્યા હતા.

આગ લાગવાનું કારણ અકબંધ છે. જો કે મળતી માહિતી અનુસાર સદનસીબે ઘટનામાં જાનહાનિ નહીં થઈ નથી.મહત્ત્વનું છે કે મંજુસર GIDCમાં આવેલી એક કંપનીમાં આગ લાગી હતી. ટાઈલ્સનો પાવડર બનાવતી કંપનીમાં લાગેલી આગે વિકરાળ સ્વરુપ ધારણ કર્યું હતુ. જેના પગલે સ્થાનિકોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. જો કે તાત્કાલિક ધોરણે ફાયર વિભાગને જાણ કરાતા ફાયર કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.

---

### સાવકા પિતાએ વિકૃતિની હદ વટાવીને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું

## સાવકા પિતાએ પોર્ન વીડિયો બતાવીને સગીર પુત્રી સાથે શારીરિક શોષણ કર્યું

**સગીરાની માતાને જાણ થતાં તેણે તેના પતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા બોપલ પોલીસે આરોપીની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ગ્રામ્યના બોપલ પોલીસ સ્ટેશનમાં સાવકા પિતાએ વિકૃતિની હદ વટાવી નાખી હોય તેવો કિસ્સો નોંધાયો છે. સાવકા પિતાએ છેલ્લા ઘણા વર્ષોથી સગીર પુત્રીનું શારીરિક શોષણ કર્યુ હતું. સગીરા ૮ વર્ષની હતી ત્યારથી સાવકા પિતાએ અવાર નવાર અડપલાં કરીને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરીને બળાત્કાર ગુજાર્યો હતો. આરોપીએ સગીરાને પોર્ન વીડિયો બતાવીને સંભોગનો પ્રયત્ન કર્યો હતો. આરોપીએ સગીરાના નગ્ન વીડિયો તેની માતાને બતાવી દેવાની ધમકી આપીને શોષણ કર્યુ હતું. આખરે, આ મામલે સગીરાની માતાને જાણ થતાં તેણે તેના પતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા બોપલ પોલીસે આરોપીની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. શેલામાં રહેતી ૪૦ વર્ષીય મહિલાએ વર્ષ ૨૦૧૩માં પહેલા પતિથી છૂટાછેડા લીધા હતા અને તેની પુત્રી સાથે રહેતી હતી. વર્ષ ૨૦૦૯માં તે એક કંપનીમાં કામ કરતી હતી ત્યાં તેનો હાલનો પતિ કામઅર્થે આવતો હોવાથી મુલાકાત થઈ હતી. દરમિયાનમાં તેને જાણવા મળ્યું હતું કે તેનો હાલનો પતિ તે સમયે તેની પત્ની સાથે છૂટાછેડા લેવાનો છે. જેથી બંને એકબીજા સાથે સંપર્કમાં હોવાથી પ્રેમ સંબંધ પાંગર્યો હતો અને બન્નેએ ૨૦૧૬માં લગ્ન કર્યા હતા. લગ્ન બાદ તે તેની પુત્રીને લઈને સાથે રહેવા લાગી હતી. થોડા સમય પહેલા મહિલાએ એક-બે વખત પતિને મોડી રાત્રે સગીર પુત્રીના રૂમમાંથી બહાર નીકળતા તેને શંકાઓ ઉપજી હતી. મહિલાએ તેના પતિને આ બાબતે પૂછતા તેણે દેખરેખ રાખવા જાવું છું તેમ કહીને વાત ટાળી દીધી હતી. થોડા સમય પહેલા સગીરાના સ્વભાવમાં પરિવર્તન આવ્યું અને આખો દિવસ ગુસ્સો કરીને ખાવાનું પણ ખાતી નહોતી અને તોછડાઈથી વાત કરતી હતી. જેથી મહિલા પુત્રીને બહાર ફરવા લઈ ગઈ હતી અને વિશ્વાસમાં લઈને પૂછપરછ કરતા સગીરા પડી ભાગી હતી. તેણે કબૂલાત કરી કે તેનો સાવકો પિતા વ્હાલ કરવાનું કહીને અડપલાં કરતો હતો. જ્યારે સગીરા ધો. ૬માં ભણતી હતી ત્યારે સાવકા પિતાએ પોર્ન વીડિયો બતાવીને અભદ્ર હરકત કરાવીને સંભોગ કરવાનો પ્રયત્ન કર્યો હતો. જ્યારે સગીરા એકલી સુતી હોય ત્યારે ત્યાં જઈને જબરદસ્તીથી બળાત્કાર ગુજાર્યો હતો. સગીરા વિરોધ કરે તો આરોપી લેપટોપમાં નગ્ન વીડિયો હોવાનું કહીને બ્લેકમેલ કરીને ધમકી આપતો હતો. ધુળેટી રમીને સગીરા ન્હાવા ગઈ ત્યારે પણ આરોપીએ જબરદસ્તી બાથરૂમનો દરવાજો ખોલાવીને બાથ ભરી ચુંબન કરીને અડપલાં કર્યા હતા. આખરે, આ મામલે મહિલાએ પોલીસને જાણ કરતા બોપલ પોલીસે ગુનો નોંધી આરોપી સાવકા પિતાની ધરપકડ કરી છે.

---

### હજારો કિલો ખાંડ-અનાજનો જથ્થો સડી ગયો

## વડોદરામાં પુરવઠા વિભાગની ગંભીર બેદરકારી સામે આવી

**૫ વર્ષ વિતી ગયા હોવા છતાં કોઈએ આ અનાજ પર ધ્યાન આપ્યું નહતું અનાજમાંથી ભયંકર દુર્ગંધ આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના કાસમપુરા ગામે તંત્ર દ્વારા અનાજને સીલ કરી મુકેલ જથ્થો સડી ગયો હોવાનું સામે આવ્યું છે. ૫ વર્ષ વિતી ગયા હોવા છતાં કોઈએ આ અનાજ પર ધ્યાન આપ્યું નહતું. અનાજમાંથી ભયંકર દુર્ગંધ આવતા પુરવઠા વિભાગની ગંભીર બેદરકારી ખુલ્લી પડી હતી.

મળતી માહિતી અનુસાર, વડોદરાના ગ્રામ્યમાં આવતા કાસમપુરામાંથી વર્ષ ૨૦૨૦માં ત્રિકમ નામના શખસની વાડીમાંથી હજારો કિલો અનાજનો જથ્થો મળી આવ્યો હતો. આ મામલે જે તે સમયે પુરવઠા વિભાગના નાયબ મામલતદાર દ્વારા બે સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. ત્યારબાદ આ મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. આ મામલે સીલ કરેલા અનાજને કાસમપુરા નજીક આવેલા ગોડાઉનમાં મુકી રાખવામાં આવ્યો હતો. આ ઘટનાને ૫ વર્ષ વિતી ગયા બાદ પણ અહીં અનાજની હાલત જોવા આવ્યું નહતું.

આસપાસના વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાતા લોકો દોડીને સ્થળ સુધી આવ્યા હતા. અને જોયું તો અનાજને જથ્થો દુર્ગંધ મારે તે હદ સુધી સડી ગયેલો મળી આવ્યો હતો.

આ ઘટનામાં સડી ગયેલો અનાજનો અંદાજીત જથ્થો એક હજાર લોકોને ૧૦૦ દિવસ ચાલે તેટલો હોવાનું જણવા મળી રહ્યું છે. આ ગોડાઉનમાં ૨૨ હજાર કિલો ઘઉ, ૨૮ હજાર ૫૦ કિલો ચોખા, ૬૫૦ કિલો ખાંડ, ૨૫૦ કિલો મીઠું, ૫૦ કિલો ચણા સીલ કરીને મુકી રાખવામાં આવ્યા હતા.

### યુનિવર્સિટીમાં દરવર્ષે માર્ચ મહિના સુધીમાં વાર્ષિક બજેટ જાહેર કરાય છે

# ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા બે વર્ષથી વાર્ષિક બજેટની વિગતો છૂપાવાતાં વિવાદ

**અત્યાર સુધી સેનેટની બેઠકમાં બજેટ પસાર કરીને સાર્વત્રિક કરાતું પણ કોમન એક્ટ પછી બજેટની એકપણ વિગતો જાહેર કરવામાં આવી નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીમાં સળંગ બીજા વર્ષે સત્તાવાર બજેટની કોઈ આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવી નથી. સરકાર દ્વારા વિધાનસભામાં સત્તાવાર બજેટ જાહેર કરવામાં આવતું હોય ત્યારે યુનિવર્સિટી સત્તાધીશો સળંગ બે વર્ષથી કયા કારણોસર બજેટની વિગતો છુપાવી રહ્યા છે તેની ચર્ચા શરૂ થઈ છે. આશ્ચર્યની વાત એ કે, પૂર્વ અને વર્તમાન રજિસ્ટ્રાર પણ બજેટની વિગતો અંગે અજાણ હોવાનું બહાર આવી રહ્યું છે.યુનિવર્સિટીમાં દરવર્ષે માર્ચ મહિના સુધીમાં વાર્ષિક બજેટ જાહેર કરવામાં આવતું હોય છે. આ બજેટમાં યુનિવર્સિટીને કેટલી આવક થશે, કયાંથી આવક થશે તેની સામે કેટલો ખર્ચ થશે, વિદ્યાર્થીઓની ફીમાંથી કેટલી રકમ આવશે, ભાડાની કેટલી આવક થઈ, અધ્યાપકો પાછળ કેટલો ખર્ચ થયો, યુનિવર્સિટી કાર્યાલય પાછળ કેટલો ખર્ચ થયો તે સહિતની નાનામાં નાની વિગતો વાર્ષિક બજેટમા જાહેર કરવામાં આવતી હોય છે. ભૂતકાળમાં દરવર્ષે ૨૯-૩૦ માર્ચના રોજ સેનેટની બેઠક બોલાવીને તેમાં સત્તાવાર રીતે બજેટને મંજુરી આપવાની પ્રક્રિયા કરવામાં આવતી હતી. જોકે, કોમન એક્ટ અને નવી એજ્યુકેશન પોલીસી આવ્યા બાદ સત્તામંડળોમાં ફેરફાર કરવા ઉપરાંત સેનેટની વ્યવસ્થા જ કાઢી નાંખવામાં આવી છે. આ સ્થિતિમાં સિન્ડીકેટની બેઠકમાં વાર્ષિક બજેટ રજૂ કરવાનું હોય છે. આ મુદ્દે યુનિવર્સિટીના સત્તાધીશો કહે છે કે અગાઉ મળેલી સિન્ડીકેટની બેઠકમાં બજેટને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી પરંતુ કેટલા કરોડનું બજેટ હતુ તેની કોઈ વિગતો નથી. વર્તમાન રજિસ્ટ્રાર પાસે પણ બજેટની લગતી કોઈ જાણકારી કે બજેટની કોપી પણ ઉપલબ્ધ નથી. મહત્વની વાત એ કે, રાજય સરકાર દ્વારા વિધાનસભામાં બજેટ જાહેર કરવામાં આવે છે અને આ બજેટ સામાન્ય વ્યક્તિની સમજણમાં આવે તે પ્રકારની વ્યવસ્થા પણ કરવામાં આવતી હોય છે. એટલું જ નહી સરકાર દ્વારા કેટલા કરોડનું બજેટ છે તેની સત્તાવાર જાહેરાત પણ કરાતી હોય છે. આમ, હાલની સ્થિતિમાં સરકાર કરતાં પણ ગુજરાત યુનિવર્સિટી મોટી હોય અને મહત્વની હોય તેવી રીતે છેલ્લા બે વર્ષથી બજેટનો આંકડો જ જાહેર કરવામાં આવતો નથી. ગૂજરાત વિદ્યાપીઠ અને જીટીયુ દ્વારા પણ તાજેતરમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. પરંતુ યુનિવર્સિટીના સત્તાધીશો બજેટના મુદ્દે કુલડીમાં ગોળ ભાંગતા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષથી બજેટની કોઈ વિગતો જાહેર કરાતી નથી. આ મુદ્દે યુનિવર્સિટી સાથે જોડાયેલા તજજ્ઞો કહે છે કે, વર્તમાન કુલપતિ આવ્યા બાદ એસ્ટેટ ડીપાર્ટમેન્ટ, એકાઉન્ટન્ટ અને જીયુસેક સહિતના અનેક મહત્વના વિભાગોમાં ઓએનજીસીમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓને દોઢ લાખ રૂપિયાથી લઈને ૫ લાખ રૂપિયા સુધીના તોતિંગ પગારથી નિયુક્ત કરવામાં આવ્યા છે. ખાલી પડનારી જગ્યા પર હવે ઓએનજીસીમાંથી જ અધિકારીઓ આવી રહ્યા છે ત્યારે તેમને ચુકવવામાં આવતાં પગારને લઈને વિવાદ થઈ ચુક્યો છે. આ ઉપરાંત વિદેશ પ્રવાસ સહિતના અનેક ખર્ચા બજેટમાં દર્શાવવા પડે તેમ હોવાથી બજેટની આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવતી નહોવાની ચર્ચા યુનિવર્સિટીમાં શરૂ થઈ છે.

### મેચ જોવા મોબાઈલ ન આપતા ૩ શખ્સે સગીરને માર્યા ચપ્પાના ઘા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં આઈપીએલ-૨૦૨૫નો ક્રેઝ લોહિયાળ બન્યો હોય તેવી ઘટના સામે આવી છે. શહેરનાં એક યુવકે મેચ જોવા માટે મિત્રોને મોબાઈલ ન આપતા ખૂની ખેલ ખેલાયો છે. મોબાઈલ ન આપવાના કારણે ત્રણ યુવકોએ તેના પર જીવલેણ હુમલો કર્યો છે. હુમલાના કારણે યુવક ગંભીર ઈજાગ્રસ્ત થયા છે. તેને છાતીના ભાગે તેમજ પેટના ભાગે ધારદાર ચપ્પુ વાગતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ તુરંત દોડી આવી છે અને ત્રણ ઈસરો વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી દીધી છે.

ઉમાશંકર ડેકાટ નામના વ્યક્તિએ સુરતના ડીંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં ફરિયાદીએ રાજાસિંગ અને કિરણ નામના ઈસમનું નામ નોંધાવ્યું છે. ફરિયાદ મુજબ, ઉમાશંકર અને ભાઈ જીતેન્દ્ર મિત્ર વિશાલના મોબાઈલમાં મેચ જોતા હતા. આ દરમિયાન દેવેન્દ્ર, રાજાસિંહ અને કિરણ તેની પાસે આવ્યો હતો અને મેચ જોવા માટે મોબાઈલની માંગણી કરી હતી.

જીતેન્દ્રએ મોબાઈલ આપવાની ના પાડતા ત્રણેય ઈસમો ઉશ્કેરાઈ તેને અપશબ્દો બોલવા લાગ્યા હતા. જોતજોતામાં મામલો વધુ ઉગ્ર બની ગયો અને ત્રણેય ઈસમોએ ભેગા મળી જીતેન્દ્રને માર મારવા લાગ્યા હતા. એટલું જ નહીં દેવેન્દ્ર અને રાજાસિંગે જીતેન્દ્રને ઉપરાઉપરી ચપ્પાના ઘા ઝીકી દીધા હતા. તેઓએ ભેગા મળી તેને પેટ અને છાતીના ભાગે ચપ્પુ માર્યું હતું. ત્રણેય ઈસમો જીતેન્દ્ર પર જીવલેણ હુમલો કરી ફરાર થઈ ગયા છે. ઉમાશંકર અને વિશાલે જીતેન્દ્રને સારવાર માટે તાત્કાલીક હોસ્પિટલ ખસેડ્યો હતો. આ દરમિયાન તાત્કાલીક પોલીસને જાણ કરતા ડીંડોલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે દેવેન્દ્ર, રાજાસિંગ અને કિરણને પકડવાની તજવીજ શરૂ કરી દીધી છે.

### ખાનગી હોસ્પિટલોએ બાંયો ચડાવી

# ગુજરાતમાં આયુષ્માન કાર્ડ હશે તો પણ નહીં મળે હૃદય રોગની સારવાર

**હાલના દરો એટલા ઓછા છે કે હોસ્પિટલો અને કાર્ડિયોલોજીસ્ટ ગુણવત્તાસભર સારવાર આપવામાં નિષ્ફળ જાય છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતભરની ખાનગી હોસ્પિટલોમાં આગામી 1 થી 7 એપ્રિલ દરમિયાન આયુષ્યમાન ભારત યોજના હેઠળ કાર્ડિયોલોજી સેવાઓ અસ્થાયી ધોરણે બંધ કરવાની ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ્સ ફોરમ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. તેમની માગણી છે કે કાર્ડિયોલોજી સારવાર માટે મળતા વળતરના દરો હાલની આર્થિક પરિસ્થિતિઓ મુજબ નથી. છેલ્લાં દાયકા દરમિયાન સારવાર ખર્ચ સતત વધ્યો છે. પરંતુ, પેકેજના દરોમાં તે પ્રમાણે વધારો નથી થયો, જે દર્દીઓ માટે ગુણવત્તાસભર સારવારમાં અવરોધ ઊભો કરે છે.ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલાજિસ્ટ્સ ફોરમે એક યાદીમાં જણાવ્યું છે કે, 'PMJAY નો હેતુ આરોગ્યસંભાળ સુલભ બનાવવાનો છે. પરંતુ આર્થિક વાસ્તવિક્તાઓ-સારવાર ખર્ચની હકીકતને અવગણીને નક્કી કરાયેલા દર અવરોધરૂપ છે. PCI અને અન્ય પેકેજમાં પૂરતો વધારો નહીં થવાથી PMJAY હેઠળ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી સેવા આપવી મુશ્કેલ બની રહી છે.

જો યોગ્ય સુધારો નહીં કરવામાં આવે તો પહેલી એપ્રિલથી ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી માટે PMJAY હેઠળ સેવાઓ બંધ કરવા ફરજ પડશે. આ અંગે વિવિધ રજૂઆતો સાથેનું આવેદનપત્ર ગુજરાતના જિલ્લા કલેક્ટરોને આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગુજરાત રાજ્ય આરોગ્ય એજન્સી અને PMJAYના સત્તાધીશોને પણ રજૂઆત કરવામાં આવી છે.

ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ફોરમ દ્વારા કહેવાયું છે કે, હાલના દરો એટલા ઓછા છે કે હોસ્પિટલો અને કાર્ડિયોલોજીસ્ટ ગુણવત્તાસભર સારવાર આપવામાં નિષ્ફળ જાય છે.

આ ઉપરાંત સ્થળ પર કાર્ડિયો થોરાસિક અને વેસ્ક્યુલર સર્જરીની ફરજિયાત હાજરીનો નિયમ પણ અવાસ્તવિક-અવ્યવહારુ છે.

### ખેડૂતો ૨૦૦ રૂ. મણ ડુંગળી વેચવા મજબૂર

# ડુંગળીના ભાવ ગગડતા ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો

**ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ડુંગળીનો મબલખ પાક થયો છે પંરતુ ભાવ ના મળતા ડુંગળીના ખેડૂતોને ભારે નારાજ**

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજ્યમાં ખેડૂતોને લઈને ફરી એકવાર ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવકોમાં સતત વધારો થઈ રહ્યો છે, પરંતુ એકાએક ભાવમાં ઘટાડો થતાં ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. હાલમાં રાજકોટ માર્કેટ યાર્ડમાં ડુંગળીના ભાવ મણ દીઠ ૧૦૦ થી ૩૦૦ બોલાઈ રહ્યાં છે, જેના કારણે ઉત્પાડન પડતર કરતાં ખેડૂતો નીચા ભાવે ડુંગળી વેચવા મજબૂર બન્યા છે. ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ડુંગળીનો મબલખ પાક થયો છે પંરતુ ભાવ ના મળતા ડુંગળીના ખેડૂતોને ફરી એકવાર રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. તાજા અપડેટ પ્રમાણે, અત્યારે રાજકોટ સહિતના માર્કેટયાર્ડમાં ડુંગળીના ભાવમાં ભારે ભરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. અહીં એક મણ ડુંગળીનો ભાવ માત્ર ૧૦૦થી ૩૦૦ મળતો હોવાનો ખેડૂતોનો દાવો છે. લાલ ડુંગળી, સફેદ ડુંગળી અને પીળીપતી ડુંગળીની મબલખ આવકથી ભાવ ગગડ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. રાજકોટ માર્કેટયાર્ડમાં દરરોજની ૫ હજાર ગુણી ડુંગળીની આવક નોંધાઈ રહી છે. આ સાથે જ વાંકાનેર સહિતના વિસ્તારોમાંથી પણ પીળીપતી ડુંગળીની આવકો થઈ રહી છે. ખાસ વાત છે કે, ડુંગળીની નિકાસ પરના પ્રતિબંધો હટાવ્યા બાદ પણ સ્થિતિ જેમની તેમ જ છે.

ચિંતાની વાત તો એ છે કે, ડુંગળીના ખેડૂતો પોતાની ઉત્પાદન પડતર કરતા ૨૦૦ રૂ. નીચા ભાવે ડુંગળીનું વેચાણ કરવા મજબૂર બન્યા છે.

વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી આંબાવાડીઓમાં પુષ્કળ પ્રમાણમાં મોર આવ્યો હતો. પરંતુ કમનસીબે, સમગ્ર મોર ખરી પડતાં કેરીનું ઉત્પાદન થશે કે કેમ તે અંગે ગંભીર સવાલો ઉભા થયા છે. વલસાડ જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખે દાવો કર્યો છે કે જિલ્લામાં કેરીના પાકને ૮૦ થી ૯૦ ટકા જેટલું જંગી નુકસાન થયું છે. ખેડૂત સમાજના પ્રમુખ ભગુભાઈ પટેલના જણાવ્યા અનુસાર, આ વર્ષે આંબાવાડીઓમાં કેરીનો મોર તો ખૂબ સારો આવ્યો હતો, પરંતુ ફલીકરણ ન થવાના કારણે કેરીના પાકને ભારે નુકસાન થયું છે. ખેડૂતોને શરૂઆતમાં પાકમાં નુકસાનનો અંદાજ આવ્યો નહોતો, પરંતુ જ્યારે ફલીકરણ ન થયું અને આખું ઝાડ કાળું પડવા લાગ્યું ત્યારે ખેડૂતોને પાકની ગંભીર સ્થિતિનો ખ્યાલ આવ્યો હતો. વલસાડ જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખે વધુમાં દાવો કર્યો છે કે વલસાડ જિલ્લામાં આવેલી જીઆઈડીસીના પ્રદૂષણયુક્ત વાયુના કારણે પણ કેરીના પાક પર વિપરીત અસર થઈ છે. જિલ્લામાં કુલ ૪૩ હજાર હેક્ટર વિસ્તારમાં કેરીનું વાવેતર કરવામાં આવ્યું હતું, પરંતુ વાતાવરણની પ્રતિકૂળ અસર અને સંભવિત પ્રદૂષણને કારણે ૮૦ થી ૯૦ ટકા જેટલું નુકસાન થયું હોવાનું અનુમાન છે. વાડીઓમાં કેરીનું ઉત્પાદન લગભગ નહીંવત થવાની સંભાવના છે, જેના કારણે આ વર્ષે બજારોમાં કેરીની આવક ખૂબ જ ઓછી રહેવાની શક્યતા છે.

### એક મહિના બાદ ખૂલ્યું રહસ્ય

# પતિની શંકાથી કંટાળી પત્નીએ પોતાના બાળકની કરી હત્યા

**એક મહિના પહેલાં ૨ વર્ષના બાળકનો મૃતદેહ કૂવામાંથી મળી આવ્યો હતો : તપાસ બાદ હત્યાનો ખુલાસો થયો**

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં એક મહિના પહેલાં ૨ વર્ષના બાળકનો મૃતદેહ કૂવામાંથી મળી આવ્યો હતો. આ મામલે પોલીસ તપાસ બાદ હવે હત્યાનો ખુલાસો થયો છે. એક મહિના બાદ પોલીસ તપાસમાં ખુલાસો થયો કે, પિતાની શંકાથી કંટાળીને બાળકની સગી માતાએ જ બાળકની હત્યા કરી દીધી હતી. રાજકોટમાં બેડી નજીક ૨૩ ફેબ્રુઆરી કૂવામાંથી શંકાસ્પદ રીતે ૨ વર્ષના બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયર બ્રિગેડની મદદથી ત્યારે મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. બાદમાં બાળકનું પોસ્ટમોર્ટમ કરી આપસાપસના વિસ્તારમાંથી ગુમ થયેલા બાળકની વિગતોના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. અંતે એક મહિના બાદ થોરાળા પોલીસને આ મામલે સફળતા મળી હતી. જેમાં સામે આવ્યું કે, આ બાળક થોરાળાના ભારતનગરમાં રહેતી ભાનુબેન કીહલ નામની મહિલાનું હતું. તેણે પોલીસ સ્ટેશનમાં બાળક ગુમ થયા હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ મામલે તે પોતાના પતિને ફસાવવા માટે કાવતરૂ ઘડી રહી હતી. પરંતુ, પોલીસ તપાસમાં બાદમાં તેણે સત્ય હકીકતનો ખુલાસો કર્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, ભાનુબેનનો પતિ તેની સાથે બાળકને લઈને ઝઘડો કરતો હતો. તેના પતિને શંકા હતી કે, ભાનુનો કોઈ અન્ય પુરૂષ સાથે સંબંધ છે અને આ બાળક પણ પોતાનું નથી પરંતુ કોઈ પરપુરૂષનું છે. તે વારંવાર ભાનુબેન સાથે આ બાળક કોનું છે? એવું પૂછીને ઝઘડો કરતો હતો. આ કંકાસથી કંટાળી મહિલાએ પોતાના માસૂમ દીકરાની હત્યા કરી તેનો મૃતદેહ કૂવામાં ફેંકી દીધો હતો અને પતિને દીકરો પ્રેમીને સોંપી દીધો હોવાનું જણાવ્યું હતું.

### ૩૦થી વધુ વાહન બળીને ખાખ

# અમદાવાદના ઓઢવ બ્રિજ નીચે લાગી ભીષણ આગ

**ટ્રાફિક પોલીસ દ્વારા ડિટેઈન કરેલા વાહનો મૂકવામાં આવ્યા હતાં: ફાયર બ્રિગેડ આગને કાબૂમાં લીધી હતી**



(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ રીંગરોડ પર ઓઢવ બ્રિજ નીચે સોમવારે સવારે વાહનોમાં આગ લાગી હતી, જ્યાં ટ્રાફિક પોલીસ દ્વારા ડિટેઈન કરેલા વાહનો મૂકવામાં આવ્યા હતાં. ફાયર બ્રિગેડની બે ગાડીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. આગમાં કુલ ૩૩ ટુ વ્હીલર અને ૨ ગાડીઓ ખાક થઈ ગઈ હતી. જેમાં ૨૨ ડિટેઈન કરેલાં વાહનો હતાં અને ૧૧ ટુ વ્હીલર અન્ય લોકોનાં પાર્ક કરેલાં હતાં.

ઓઢવ બ્રિજ નીચે પોલીસે કાર્યવાહી દરમિયાન ડિટેઈન કરેલા વાહનો પાર્ટ કરવામાં આવ્યા હતા.

સવારે સાત વાગ્યાની આસપાસ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે, રિંગરોડ પર ઓઢવ પોલીસ સ્ટેશનની સામે બ્રિજની નીચે વાહનોમાં આગ લાગી છે. જેથી તાત્કાલિક ધોરણે ઓઢવ ફાયર સ્ટેશનની બે ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ પહોંચી ત્યારે બ્રિજની નીચે પડેલાં ટુ-વ્હીલર અને ગાડીમાં આગ લાગી હતી. ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી હતી. ઘટનાની જાણ થતાં ઓઢવ પોલીસ પણ પહોંચી હતી.

સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિની માહિતી નથી મળી. પરંતુ, ડિટેઈન કરેલાં ૨૨ વાહનો બળીને ખાક થઈ ગયા છે. આગ ઓલવાયા બાદ પોલીસ વિભાગ દ્વારા આગ કેવી રીતે લાગી તે વિશે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ઓઢવ નોંધનીય છે કે, હજુ સુધી આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ સામે નથી આવ્યું.

### મહેસાણાના ઉચરપી ગામ પાસે ટ્રેઈની વિમાન ક્રેશ, મહિલા પાઈલટ ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણામાં પાયલોટ ટ્રેનિંગ સેન્ટરનું એક વિમાન ક્રેશ થયું હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટનામાં એક ટ્રેની મહિલાને ઈજા થઈ છે, જેમને તાત્કાલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતા અહેવાલો મુજબ આ વિમાન ઉચરપી ગામ પાસે એક ખેતરમાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે. વાસ્તવમાં મહેસાણા એરોડ્રોમ પર પાયલોટ ટ્રેનિંગ સેન્ટર ચાલી રહ્યું છે અને વિમાન અહીંથી ઉડાન ભર્યા બાદ ઉચરપી પાસે દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાની માહિતી સામે આવી છે. આ ઘટના કયા કારણોસર બની તે અંગેની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ ઘટનામાં એવી વિગતો પણ સાંપડી છે કે, પાયલોટોને એક પ્રાઈવેટ કંપની દ્વારા ટ્રેનિંગ અપાઈ રહી હતી. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો અને તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે.

### ગુજરાતનો વિચિત્ર કિસ્સો

# સરદાર વલ્લભભાઈ પટેલની ૬ વીઘા જમીન હડપી લીધી

**જમીનને નકલી દસ્તાવેજ બનાવીને વેચવાનો કેસમાં કોર્ટે ત્રણ લોકોને બે વર્ષની જેલની સજા ફટકારી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જમીનને નકલી દસ્તાવેજ બનાવીને વેચવાનો કેસમાં કોર્ટે ત્રણ લોકોને બે વર્ષની જેલની સજા ફટકારી છે. રાજ્યમાં ચોંકાવનારો આ કેસ ખેડા જિલ્લામાંથી સામે આવ્યો છે. જો કે લાંબા ચાલેલા આ કેસમાં એક આરોપીનું મૃત્યુ થઈ ચુક્યુ છે. લોખંડી પુરુષ સરદાર પટેલની જમીન હડપવાના આઓ કેસમાં કોર્ટનો ચુકાદો આવ્યો બાદ સૌ કોઈ ચોંકી ગયા હતા.

ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકાની કોર્ટે આ ચુકાદો સંભળાવ્યો છે. ચુકાદા અનુસાર, મહેમદાબાદના ગડવા ગામમાં સર્વે નંબર ૨૭૦ પર એક જમીનનો ટુકડો ગુજરાત પ્રાંતીય સંઘ સાથે સરદાર વલ્લભભાઈ જાવરભાઈના નામ પર રજીસ્ટર્ડ હતો. જ્યારે સરકારે ૨૦૦૪ માં મહેસૂલ રેકોર્ડનું કમ્પ્યુટરાઈઝેશન કર્યું, ત્યારે જમીનની લાક્ષણિકતાઓ ભૂલથી બદલવામાં આવી. માલિકનું નામ વલ્લભભાઈ જવારભાઈ લખેલું હતું, પરંતુ GPS નો ઉલ્લેખ દૂર કરવામાં આવ્યો હતો. આ ભૂલનો લાભ લઈને ખેડાના કઠલાલ તાલુકાના અરલ ગામના ભૂપેન્દ્ર ડાભીએ જમીનના દસ્તાવેજોમાં હીરાભાઈનું નામ વલ્લભભાઈ જવેરભાઈ લખીને જમીન તેમના નામે ટ્રાન્સફર કરાવી દીધી.

ડાભીએ તેમના પિતા દેસાઈભાઈ અને પ્રતન ચૌહાણને સાક્ષી તરીકે ઉપયોગ કર્યા હતા. ૨૦૧૦ માં જમીન નકારી કાઢવામાં આવી હતી અને બાદમાં આરોપીઓ સામે ફ્રૈંઈ દાખલ કરવામાં આવી હતી. સરકારી વકીલ કે.એ. સુથારે સમગ્ર કેસ સમજાવ્યો અને કોર્ટ સમક્ષ પુરાવા રજૂ કર્યા. કોર્ટે ત્રણ આરોપીઓને બે વર્ષની કેદની સજા ફટકારી હતી. ટ્રાયલ દરમિયાન હીરાલાલનું મૃત્યુ થયું હતું. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ વિશાલ ત્રિવેદીના નિર્ણય મુજબ, બંને બચી ગયેલા દોષિતોને જેલની સજા ભોગવવી પડશે. તેમણે આ સમગ્ર કેસમાં ત્રણેય આરોપીઓને દોષિત ઠેરવ્યા છે.

### સેન્ટ્રલ એજન્સીની ટીમે કબૂતરબાજીની તપાસ શરૂ કરી

# કડકાઈ વચ્ચે પણ અમેરિકામાં ઘૂસણખોરીનો પ્રયાસ કરાવતો કલોલનો એજન્ટ ઝડપાયો

**અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે પ્રેસિડેન્ટ તરીકેનો સંભાળ્યો ત્યારથી જ અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી પર બ્રેક લાગી ગઈ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતા અને ઘૂસણખોરી કરનાર સામે ત્યાંની સરકારે લાલઆંખ કરી છે. આટલું જ નહીં, દુનિયાભરના ઘૂસણખોરોને પરત તેમના વતન મોકલવામાં આવી રહ્યા છે. ગુજરાતના ૭૪ સહિત સાડા ૩૫૦થી વધુ ભારતીયોને પણ પરત ભારત ડિપોર્ટ કરી દેવાયા છે. આવી પરિસ્થિતિમાં પણ કેનેડાથી અમેરિકામાં ઘૂસણખોરી કરાવનાર કલોલના એક એજન્ટ જિતુ પટેલની સેન્ટ્રલ એજન્સીએ અટકાયત કરીને તેની પૂછપરછ કરી હોવાનું જાણી શકાયું છે.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે પ્રેસિડેન્ટ તરીકેનો સંભાળ્યો ત્યારથી જ અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી પર બ્રેક લાગી ગઈ છે. તમામ બોર્ડર સીલ કરી દેવામાં આવી છે. ઉપરાંત, અમેરિકામાં ઘૂસણખોરી કરીને રહેતા હજારો લોકોની યાદી તૈયાર કરી તેમને પણ પરત તેમના દેશમાં રવાના કરવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી કબૂતરબાજી કરતા એજન્ટો મેક્સિકોના ડંકી રૂટથી લોકોને અમેરિકામાં ઘૂસાડતા હતા. ટ્રમ્પ સરકારે મેક્સિકો બોર્ડર પર કડક તપાસ શરૂ કરી દેતાં હાલ મેક્સિકોથી થતી ઘૂસણખોરી અટકી ગઈ છે. આવી પરિસ્થિતિમાં પણ કલોલના જિતુ પટેલ નામના એજન્ટે પોતાના ક્લાયન્ટને કેનેડા બોર્ડર પરથી ઘૂસણખોરી કરાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘૂસણખોરી કરતા ઝડપાયેલા લોકોએ આ વ્યવસ્થા કલોલના જિતુ પટેલે કરી આપી હોવાની વિગતો રજૂ કરી હતી. તેને પગલે તપાસનો રેલો કલોલ સુધી પહોંચ્યો છે. સેન્ટ્રલ એજન્સીઓને આ ઈનપુટ આપવામાં આવ્યા હતા.અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે કલોલના ડીંગુચાનો એક પરિવાર અમેરિકામાં ઘૂસણખોરીના પ્રયાસમાં ઠંડીમાં ઠુંઠવાઈને મૃત્યુ પામ્યો હતો. આ દુર્ઘટના બાદ કબૂતરબાજી સામે ગુજરાત સરકાર અને પોલીસે પણ તપાસ શરૂ કરી હતી. જેમા ઘણા એજન્ટોની પમ તપાસ કરવામાં આવી હતી. તપાસ ઢીલી પડતાં જ એજન્ટો સક્રિય બની ગયા હતા.

### કડાણા ડેમમાં પાણી ઘટતા નિર્ણય

# ગુજરાતના ૭ જિલ્લાની સુજલામ સુફલામ કેનાલમાં પાણી બંધ કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં ખેડૂતો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. એક તરફ વાતાવરણમાં પલટો આવ્યો છે, ત્યારે હવામાન વિભાગે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી છે. તો બીજી તરફ ભર ઉનાળે રાજ્યના ૭ જિલ્લા માટે જીવાદોરી સમાન સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવાનું બંધ કરાશે. કડાણા ડેમમાં પાણીનો જથ્થો ઘટતા કેનાલમાં પાણી છોડવાનું બંધ કરવાનો સિંચાઈ વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. જેના કારણે ખેડૂતોની હાલત કફોડી બનશે તે નક્કી છે. સિંચાઈ વિભાગ સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવાનું બંધ કરશે તો અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, સાબરકાંઠા, મહેસાણા, મહીસાગર જિલ્લાના ખેડૂતોને ભર ઉનાળે પાણી વગર હાલાકી ભોગવવી પડશે. મોટાભાગના ખેડૂતો શિયાળા બાદ ખેતી કરવા માટે કેનાલના પાણી પર નિર્ભર હોવાથી સિંચાઈ વિભાગના આ નિર્યણ બાદ ખેડૂતોને પોતાના પાકની ચિંતા સતાવી રહી છે. મળતી માહિતી મુજબ કડાણા ડેમમાં પાણીનો જથ્થો ઘટી જતાં સુજલામ સુફલામ કેનાલમાં પાણી બંધ કરવામાં આવી રહ્યું છે. પંચમહાલ જિલ્લામાં પાણીના અભાવે ખેડૂતોએ આ વર્ષે પુરતી વાવણી કરવાનું ટાળ્યું છે. જિલ્લામાં ખેતીલાયક ૧.૬૫ લાખ હેક્ટર જમીનમાંથી ફક્ત ૧૩ હજાર હેક્ટર જમીન પર ઉનાળુ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. અને તેમાં પણ હવે જો સુજલામ સુફલામ કેનાલનું પાણી નહેરમાં છોડવાનું બંધ કરાશે તો ખેડૂતો માટે પડતા પર પાટુ જેવી સ્થિતિ સર્જાશે.